શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ મૈમનગર, અમદાવાદ તથા શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ વિશ્વવિદ્યા પ્રતિષ્ઠાનમનું મુખપત્ર

सद्विद्या प्रवर्तावो पृथ्वी परे...

ગુરુકુલ દર્શન

વર્ષ-૯ • અંક : ૯-૧૦
• સપ્ટેમ્બર-ઓક્ટોબર, ૨૦૧૭
પંચવાર્ષિક લવાજમ : રૂા. ૨૫૦/-

સખી હૈડે તે હરખ ન માય, આજ દિવાળી રે;
હું તો મગન થઇ મનમાંય, ભૂધર ભાળી રે....

મહિલા વિશેષાંક

શ્રી જોગી સ્વામી હોલિસ્ટિક હોસ્પિટલના પ્રિલોન્ચિંગ સ્વરૂપે યોજાયેલ ફ્રી નિદાન કેમ્પનું ઉદ્‌ઘાટન કરતા સંતો તથા નિદાન કરતા ડૉક્ટર્સ

શ્રી રમેશભાઈ ઓઝા(ભાઈશ્રી)ના ષષ્ઠિપૂર્તિ મહોત્સવમાં એમનું સન્માન કરતા પૂજ્ય બાલકૃષ્ણદાસજી સ્વામી, અમદાવાદ

નૂતન શ્રી સ્વામિનારાયણ મંદિરનું ખાતમુહૂર્ત કરતા સદ્‌ગુરુ સંતો તથા ભક્તજનો, જામવાળા (ગીર સોમનાથ)

શ્રી જોગી સ્વામી હોલિસ્ટિક હોસ્પિટલ ખાતે યોજાયેલ સ્પિરિચ્યુઅલ કોન્ફરન્સમાં ઉપસ્થિત પૂજ્ય સંતો તથા પાંચસો ઉપરાંત ડૉક્ટર્સ

ખેલમહાકુંભમાં જિલ્લા કક્ષાએ પ્રથમ સ્થાન પ્રાપ્ત કરનાર દ્રોણેશ્વર ગુરુકુલની વિદ્યાર્થીનીઓ

રાજ્યકક્ષાની સ્વીમીંગ સ્પર્ધામાં વિજેતા થનારા SGVP ગુરુકુલના વિદ્યાર્થીઓ

ગુરુકુલ દર્શન

-: સંસ્થાપક :-

સદ્‌વિદ્યા સદ્ધર્મરક્ષક પ્રાતઃસ્મરણીય પ. પૂ. ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજ શ્રી ધર્મજીવનદાસજી સ્વામી

: આશીર્વાદ :
પરમ પૂજ્ય પ્રાતઃસ્મરણીય શ્રી જોગીસ્વામી

: પ્રેરણા :
પરમ પૂજ્ય ગુરુવર્ય શાસ્ત્રી શ્રી માધવપ્રિયદાસજી સ્વામી

વર્ષ-૯, સપ્ટેમ્બર-ઓક્ટોબર : ૨૦૧૭, અંક : ૯-૧૦

પ્રકાશક તથા માલિક : પ.પૂ. પુરાણી શ્રી બાલકૃષ્ણદાસજી સ્વામી
શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ મેમનગર, અમદાવાદ-૫૨
તંત્રી : પાર્ષદ શ્રી શામજી ભગત
સંપાદક : શાસ્ત્રી શ્રી યજ્ઞવલ્લભદાસજી સ્વામી
કલા સંયોજન : હરિકૃષ્ણ ગ્રાફિક્સ
તસ્વીર : જી. વિઝન

છુટક અંક	: રૂા. ૫/-
પંચ વાર્ષિક લવાજમ	: રૂા. ૨૫૦/-
૨૫ વર્ષ લવાજમ	: રૂા. ૭૦૦/-
વિદેશમાં ૨૫ વર્ષ લવાજમ	: $ ૧૧૦/-

લવાજમ અંગે પત્રવ્યવહાર

'ગુરુકુલ દર્શન' કાર્યાલય
શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ
ગુરુકુલ રોડ, મેમનગર, અમદાવાદ-૫૨
ફોન (૦૭૯) ૨૭૯૧૨૫૯૧/૯૨

SwaminarayanGurukul
GurukulParivar
www.swaminarayangurukul.org
E-mail : darshan@sgvp.org

એ તે જ છે....

જીવનની દરેક શૈલીમાં
એક અતૂટ વિશ્વાસ છે, એ તે જ છે....
દ્રષ્ટિમાં હમણાં અગોચર છે,
પરંતુ દીલના ખુણેથી નીરખતા, એ તે જ છે....
મૂંઝવણોની ગર્મીથી જ્યારે ગળુ સુકાય,
ત્યારે નિર્મળ પાણીનો ઘુટડો, એ તે જ છે....
દૂર રહી કૂંજર પક્ષી ઇંડાને સેવે ,
એ અનેરુ અગોચર વ્હાલ, એ તે જ છે....
તુફાની સાગરમાં ભડખડાતી એ નાવ,
તેનો તે કુશળ તારણહાર, એ તે જ છે....
અંધારી ગુફામાં અટવાયેલા યાત્રિ માટે,
એક પ્રકાશમાન કિરણ, એ તે જ છે....
ગાયકના ગાનમાં ને વિણાના ઝંકારમાં
મધૂર સૂરોનો સંગમ, એ તે જ છે....
દુષ્કાળથી સુકી ધરતી ઉપર ,
પહેલા વરસાદનો ફુંવાર, એ તે જ છે....
સમુદ્ર તણી શાહી ખૂટે ને શબ્દ પડે વામણાં,
વેદ જેને નેતિ નેતિ કહે, એ તે જ છે....

- શ્વેતા એસ. ઠક્કર, મુંબઇ

વહાલા ભક્તજનો ! પ્રસ્તુત ગુરુકુલ દર્શનનો દિવાળી વિશેષાંક બહેનો ભક્તો દ્વારા લખાયેલ વિવિધ લેખો દ્વારા સજાવવામાં આવ્યો છે. બહેનો પોતાના વિચારો સમાજ-સત્સંગ સમક્ષ પ્રસ્તુત કરી શકે તેવા હેતુથી તૈયાર થયેલ આ વિશેષાંક આપ સહુને ગમશે એવી આશા રાખીએ છીએ.

બહેના દ્વારા મોટી સંખ્યામાં લેખો પ્રાપ્ત થયા હતા, જેમાંથી અત્રે પસંદગીના થોડા લેખોનો જ સમાવેશ કરી શકાયો છે.

આગામી ઓક્ટોબર મહિનાનો અંક પ્રસિદ્ધ થશે નહીં. હવે પછીનો અંક નવેમ્બર મહિનામાં પ્રસિદ્ધ કરવામાં આવશે, જેની વાંચકોએ નોંધ લેવી.

વર્તમાન સમયમાં નારીધર્મ

- ડૉ. દેવાંગી જોગલ, સુરત

ચાલીસી વટાવી ચૂકેલા નીતાબેન નિસ્તેજ ચહેરો લઇને મારી ઓ.પી.ડી માં આવ્યા. આવીને તરત કહ્યું, "બેન ! મને ડિપ્રેશનની બિમારી છે." મેં કહ્યું, "નીતાબેન ! પણ તમને થાય છે શું ?" એમણે કહ્યું, "ડિપ્રેશનનાં પેશન્ટને થાય તે બધુ જ મને થાય છે. ગયા અઠવાડિયાની પૂર્તિમાં હતું, એવું બધું જ મને થાય છે." એટલે મેં ફરી કહ્યું, "મને નથી ખબર કે બુધવારની પૂર્તિમાં શું હતું ? એટલે તમે મને તમારી તકલીફો વિસ્તારથી કહો."

એટલે ઊંડો શ્વાસ લઇને નીતાબેને બોલવાનું શરૂ કર્યું. "બેન ! મનમાં થાય છે કે આપણી તે કંઇ જિંદગી છે ? મારાં કરતાં તો ઢોરની જિંદગી પણ સારી હશે. સવારે ઊંઘ પૂરી થાય કે ન થાય, ઘડિયાળના કાંટે ઊઠી જવાનું... ચા-પાણી, નાસ્તો, જમવાનું બનાવવાનું, બધાના સમય સાચવવાના... ઘર-વર-બાળકો-મહેમાન... બસ આમ જ જિંદગી પૂરી કરવાની ? બેન, જીવવાનો ખૂબ કંટાળો આવે છે... જીવન જીવવાનો કોઇ હેતુ જ નથી. અંદરથી એકલતા કોરી ખાય છે." મેં શાંતિથી ખભા પર હાથ રાખી કહ્યું, "નીતાબેન ! તમારી નજીકની પાંચ બહેનપણીઓને ફોન કરજો અને એક વાર પૂછજો કે તમને જીવન જીવવાની મજા આવે છે ? પાંચમાંથી ચારના તો તમારા જેવા જ જવાબ હશે. તો શું બધાને ડિપ્રેશન છે ?"

આ વાત ફક્ત નીતાબેનનની જ નથી, પણ આજકાલ બધા મોરચે લડતી સ્ત્રી માત્રની છે. તમે અને હું પણ આમાંથી બાકાત નથી રહી શકતા. તો ચાલો ! જાણીએ કે વર્તમાન સમયમાં નારીધર્મ એટલે શું ?

પહેલાના જમાનામાં સ્ત્રીઓ ઓછું ભણેલી અને ગૃહકાર્યમાં જ કુશળ હતી. જેથી મોટાભાગની સ્ત્રીઓ ઘરની ચાર દિવાલમાં, સંયુક્ત કુટુંબમાં, વડીલોની હાજરીમાં જ પોતાનું જીવન ગુજારતી. જ્યારે આજે મોટાભાગની સ્ત્રીઓ ખૂબ ભણેલી, નોકરી કરતી અને વિભક્ત કુટુંબમાં રહેતી જોવા મળે છે. આથી, ભણતરની સાથે ફ્રી ગીફ્ટ તરીકે અભિમાન પણ આવી જાય છે. સહનશક્તિ ખૂબ ઓછી થઇ જાય છે. ત્યાગ-વૈરાગ્ય એટલે શું એની તો ખબર જ નથી હોતી. બીજા માટે ઘસાઇ જવું કે જતું કરવું એવી ભાવના જ નથી હોતી... જેના કારણે દાંપત્યજીવન ભયમાં મૂકાતું જાય છે અને મા-બાપનાં ઝઘડા જોઇ મોટા થતાં બાળકોનાં બાળમાનસ પણ વિકૃત થઇ જાય છે.

આ બધાનું મૂળ કારણ જો વિચારવામાં આવે તો એ છે- જીવનમાં ભગવાન કે સત્સંગનો અભાવ. જેનું જીવન સત્સંગના રંગે રંગાયેલું હોય એને આવી બધી સમસ્યાઓ એટલી નડતી નથી કે જેટલી બિનસત્સંગીઓને નડે છે. તો સત્સંગી સ્ત્રી તરીકે આપણી વિચારધારા કેવી હોવી જોઇએ, તેના ઉપર એક નજર નાંખી લઇએ...

૧. આપણાં જીવનમાં બનતા દરેક પ્રસંગમાં ભગવાનની ઇચ્છા જ કારણભૂત છે એમ વિચારવું. ભગવાનની ઇચ્છા વગર પાંદડું પણ હલતું નથી. માટે આપણાં ઘરમાં કે સમાજમાં કોઇ દુઃખદાયક પ્રસંગ બને, તો એમાં પણ ભગવાનની ઇચ્છા સમજી એને પ્રેમથી સ્વીકારી લેવો.

૨. આપણાં દરેક દુઃખમાં 'શૂળીનું દુઃખ કાંટે ગયું'ની અનુભૂતિ કરવી, જેથી આવેલું દુઃખ સહજતાથી સહન થઇ શકશે.

૩. સ્ત્રી એ કુટુંબની ધરોહર છે. આખા ઘરની મેનેજમેન્ટ ગુરુ એક સ્ત્રી જ છે. આથી સ્ત્રી સહનશીલ હશે, તો જ ઘર સરસ રીતે ચાલશે. આથી પતિ, સાસુ, નણંદ, બાળકો વગેરેની વચ્ચે રહીને પણ બધાને અનુકૂળ થઇને રહેવું. આપણને જો થોડુંઘણું દુઃખ જીવનમાં આવે છે, એ બીજી સ્ત્રીઓને પડતાં દુઃખની સરખામણીમાં તો કંઇ જ નથી એમ વિચારવું. સીતામાતાને ચૌદ વર્ષનો વનવાસ આવ્યો, તો શું એમણે જનકરાજાને મોબાઇલ કર્યો હતો કે "પપ્પા ! મને લઇ જાઓ..." સ્ત્રીનો પર્યાય સહનશીલતાની મૂર્તિ... જે આપણે સાબિત કરવું રહ્યું.

૪. વળી, આત્મભાવે રહેવાનો પ્રયત્ન કરવો. આપણને આપણા આગલા જનમ ક્યાં યાદ છે ? ભગવાને મોકલ્યા છે, તો ભગવાનની ભક્તિ કરતાં કરતાં નાટકમાં ભજવવાનાં પાત્ર તરીકે આપણે વર્તવું. ક્યાંય માયાના બંધનમાં અટવાયા વગર આપણે ભગવાન પાસે પાછા જવાનું છે, એ વાતનું સતત અનુસંધાન રાખવું.

૫. વળી તમે શિક્ષક, વકીલ, ડૉક્ટર કે ઘરરખુ સ્ત્રી હોવ... પણ, તમારાં કાર્યને પણ ભગવાનની એક પ્રકારની ભક્તિ જ માનીને કામ કરશો તો એ કાર્ય બોજાદાયક બનવાને બદલે આનંદદાયક બની જશે. આથી, જો શાંતચિત્તે માળા લઇને મંદિરમાં બેસી ન શકો તો દુઃખી ન થાવ, પણ તમે તમારાં કાર્યને કર્મયોગમાં બદલી નિઃસ્વાર્થ ભાવે જો પૂરી નિષ્ઠાથી કાર્ય કરો તો એ પણ ભગવાનના રાજીપાનું સાધન બની શકે.

૬. ઉપરાંત, સ્ત્રીમાત્રનો સ્વભાવ છે 'પારકી પંચાત.'

બને ત્યાં સુધી ભગવાનના અનુસંધાન વગરની વાત ટાળવી. અને કદાચ કોઈની ગુપ્ત વાત ખબર પડી હોય, તો પણ મહારાજની આજ્ઞા પ્રમાણે બીજે ક્યાંય એ વાત કરવી નહિ.

૭. સ્ત્રીના પોતાના આચરણ પર બાળકોના સંસ્કારનો આધાર અવશ્ય હોય છે. આથી, નિયમ-ધરમ, પૂજા, પ્રાર્થના વગેરેની નિયમિતતા-સાતત્ય ઘરમાં જળવાઈ રહે એની કાળજી રાખવી. બને તો રાત્રે ઘરસભા અવશ્ય કરવી, જેથી બાહ્ય સાંસારિક પરિબળોની સામે આપણા આંતરિક સંસ્કારસિંચન એટલા પ્રબળ બને કે આપણાં બાળકો પણ વિદ્વાન અને સુસંસ્કારી રહે.

૮. અંતમાં એટલું જ કહીશ કે આપણી આસપાસ હજારો સ્ત્રીઓ છે અને દરેક સ્ત્રીના જીવન પરથી નૉવેલ લખી શકાય એટલું એ દિલમાં લઈને જીવે છે. એટલે જીવનમાં આવતાં નાનાં-મોટાં દુઃખો હસતા મોંઢે સહન કરવા. બાળક જ્યારે રમકડાં મૂકીને રડે ત્યારે જ મા હજાર કામ છોડીને એને ગળે વળગાડે. એટલે આપણાં જીવનમાં આવતા દરેક દુઃખ આપણને ભગવાનની યાદી અપાવે છે અને ભગવાન તરફ આગળ વધારે છે. આ સંસારના માયાના બંધનોરૂપી રમકડાં મૂકીને જ્યારે સાચા હૃદયથી ભગવાનને યાદ કરીશું, ત્યારે અવશ્ય ભગવાન પણ આપણને ગળે લગાડશે.

ઘર બને એક મંદિર

- પાયલ બી. કોઠિયા, નવસારી

મારા વ્હાલા વ્હાલા મહારાજ, મારા વ્હાલા સંતો તથા મારા સત્સંગી ભાઇઓ તથા બહેનો, સૌને મારા હેતથી જય શ્રી સ્વામિનારાયણ.

પૂર્વ જન્મના અધૂરા સંબંધોને કારણે આજે આપણે આ જન્મમાં મળ્યા છીએ. આ સંબંધને આપણે પરિવાર કહીએ છીએ. પરિવાર જ્યાં રહે છે એને આપણે ઘર કહીએ છીએ. પરિવારના દરેક સભ્યોમાં ભગવાનનો વાસ હોય છે. ઘરને જ આપણે મંદિર બનાવી દઇએ તો મંદિર-મંદિર ભટકવાની જરૂર પડે ? ના...! તો ચાલો આજથી જ ઘરમાં મંદિર જેવું વાતાવરણ બાનાવીએ. ઘરને મંદિર બનાવવા માટે ઘણી બધી નાની-મોટી બાબતો છે કે તેનું ચોક્સાઇપૂર્વક ધ્યાન રાખવામાં આવે, તો વાતાવરણ બદલાય જાય છે.

ઘર એ મુખ્ય ત્રણ સંબંધોથી બનેલું હોય છે. પતિ-પત્ની, મા-બાપ-બાળક અને સાસુ-વહુ. આ ત્રણ સંબંધો એવા છે કે જો તેમાંથી કટુતા ઓછી થાય અને પ્રેમનો ઉમેરો થાય એટલે એક આદર્શ પરિવાર બને છે. આદર્શ પરિવાર બનાવવા, ઘરને મંદિર બનાવવા પરિવારના બધા જ સભ્યો રોજ ના બેસી શકો તો કંઇ નહિ ,પરંતુ અઠવાડિયે એક વખત બધા ભેગા બેસીએ. ભગવાનના એક-બે ચરિત્રોનું વાંચન કરીએ, કીર્તન બોલીએ, ધૂન કરીએ. જો આટલું થશે તો આપોઆપ સત્સંગ વધશે. બાળકોમાં સારા સંસ્કાર પડશે. યુવાનોને વડીલોમાં ભાવ જાગશે. અણસમજણથી થતા ઝઘડાઓ દૂર થાય, ઘરમાં અખંડ શાંતિનો અહેસાસ થાય છે અને પરિવારમાં આદર્શતા જળવાય છે.

ઘરના મુખ્ય ત્રણ સંબંધોમાં પહેલો આવે છે પતિ અને પત્ની વચ્ચેનો સંબંધ. આ સંબંધ એટલો નાજુક હોય છે કે તેને ખૂબ સાચવવો પડે છે. એકબીજાનું માન જાળવી રાખવું જોઈએ. પત્ની માટે પતિ એ પરમેશ્વર, તો સામે તેવી જ રીતે પતિ માટે પણ પત્ની એક દેવી સમાન હોય છે. આજે પતિ અને પત્નીના સંબંધો વિશે લોકો જોક્સ બનાવે છે. એક નાનકડા બાળકને પણ પૂછો કે પતિ અને પત્ની એટલે શું ? તો એ પણ ત્યાં ઊભા રહીને એક જોક્સ કહી દે છે. શું કામ ? એક નાનકડા બાળકનાં માનસપટ પર પણ આવી છબી શું કામ છવાઈ ગઈ છે ?

આદર્શ પતિ-પત્ની બનવું હોય તો પતિ તેના પત્નીની ભૂલોને જતી કરે અને પત્ની તેના પતિની ભૂલોને જતી કરે. આદર્શ પતિ-પત્ની વચ્ચેનો પ્રેમ ઓછો ક્યારે થાય છે ? એક બહુ સરસ ઇંગ્લીશ ક્વોટેશન છે. **"When love is thick, Falts are thin, but when love is thin, falts are thick"**

પતિ-પત્ની વચ્ચે પ્રેમ ઘાટો હોય છે ત્યારે ભૂલો બહુ આછી હોય છે, જ્યારે ભૂલો ઘાટી થઈ જાય છે ત્યારે પ્રેમ પાતળો થઈ જાય છે. એક ગેરસમજણ આપણી સો સારી યાદોને ભૂલાવી દે છે. માટે સમજણ વધારીએ અને આદર્શ પતિ-પત્ની બનીએ.

હવે બીજો સંબંધ આવે છે મા-બાપ અને બાળક

વચ્ચેનો સંબંધ. દીકરાના લગ્ન પછી ઘરમાં ઝઘડા થતા હોય ત્યારે તેમાં માત્ર દીકરાની વહુની જ ભૂલ નથી હોતી, માતા-પિતાની પણ અમૂક ભૂલો હોય છે. યુવાન દીકરા અને ઘરડા મા-બાપ આ જનરેશન ગેપના કારણે સમજવામાં ભૂલ થાય. માતા-પિતાને જૂની યાદોને છોડીને વર્તમાન સમય પ્રમાણે ચાલવું જોઈએ. તેમ જ દીકરાની પણ કંઈક ફરજો હોય છે. એક સત્સંગી ઘરનો દીકરો કેવો હોવો જોઈએ, એ વિષે સત્સંગી જીવનમાં શતાનંદ સ્વામી કહે છે કે 'पिताश्रीतेहि सन्मार्गे श्रयं पुत्रेण धीमहान्।' મા-બાપની સંપત્તિનો વારસો જાળવે એ નહિ, પરંતુ ખરો દીકરો તો એ છે કે જે મા-બાપના સંસ્કારનો વારસો જાળવે. જેને માતા-પિતાની આજ્ઞામાં જીવન જીવવાની રૂચિ છે એ દીકરો ભાગ્યશાળી છે.

હવે ત્રીજો સંબંધ સાસુ અને વહુનો સંબંધ છે. સાસુ અને વહુની વાત આવે એટલે બધા હસવા લાગે, કારણકે તેને બહુ બને નહિ ને!

"આદિ વેર ઘંટી અને ઘઉંને,
તેમ આદિ વેર સાસુ અને વહુને."

ઘરનો બધો આધાર એક નારી પર રહેલો છે અને આ સંબંધમાં બન્ને પાત્રો નારીના જ છે. તેમાં પણ સાસુ તો રીટાયર્ડ ગણાય અને માટા ભાગનું કોમ્પ્રોમાઈઝ વહુએ કરવાનું હોય છે.

"ઘર સ્વર્ગ કરતાં પણ ચડિયાતું થશે,
જ્યાં સાસુ અને વહુનો મેળ હશે.
રિદ્ધિ-સિદ્ધિ આવીને વસશે,
જ્યાં સાસુ અને વહુનો મેળ હશે."

જો સાસુ અને વહુને મનમેળ થાય તો ઘર સુખ, સ્નેહ અને પ્રેમથી ભરાઈ જાય. પરંતુ આજે સાસુ વહુ સાથે રહેવા તૈયાર નથી અને વહુ સાસુ સાથે રહેતા તૈયાર નથી, કારણ એક જ કે બન્નેનાં સ્વભાવોનું મેચીંગ નથી થતું. શા માટે નથી થતું? તો વધારે પડતી અપેક્ષા. સાસુને એમ થાય કે વહુ આવે એટલે આપણે ફ્રી થઈ જવા જોઈએ- આવી ભાવના હોય છે. વહુની ફરજ છે કે ફ્રી કરી દેવા જોઈએ, પણ સાસુએ એમ ના વિચારાય કે ફ્રી કરી જ દેવા જોઈએ. અને સામે વહુને પણ એવી અપેક્ષા હોય કે હું આવ્યા પછી હું કહું તેમ જ થાય, મારા સાસુએ વચ્ચે નહિ બોલવાનું. શા માટે ન બોલે? ઘર તો તેનું પણ છે. જો આ એકબીજાની અપેક્ષા ઓછી થાય તો બન્નેના સંબંધમાં બહુ મોટો ફર્ક પડે. અપેક્ષા ઘટે એટલે સમજણ વધે અને સમજણ વધે એટલે બધું સમાધાન થઈ જાય છે. માટે સત્સંગથી સાસુ અને વહુના સંબંધોને કેળવવા એ ખાસ જરૂરી છે. ઘરમાં રહેલા બધા સભ્યો જ્યારે પ્રેમથી અને લાગણીથી એકબીજા સાથે જોડાય છે, ત્યારે ઘર એક મંદિર બની જાય છે.

તો ચાલો, આજથી જ ઘરમાં એકબીજાના થઈને રહીએ. એકબીજાને નમતાં રહીએ, ખમતાં રહીએ અને એકબીજાને ગમતાં રહીએ. પછી લોકો જ એમ કહેશે કે 'અરે! તમારું ઘર તો મંદિર જેવું છે!!'

આધુનિક નારીની ફરજો

- પ્રાસિ શાંતિલાલ પટેલ, દહાણુ (મહારાષ્ટ્ર)

આજના કમ્પ્યૂટરના યુગમાં 'નારી' વિષયે લખવું તથા કહેવું એ છીપલાંથી સમુદ્ર ઉલેચવા જેટલું જ કઠણ કામ છે. આજે નારીનાં અનેક રૂપ આપણી સમક્ષ દેખાય છે. 'नारी तू नारायणी, नारी तू ना हारी' વગેરે વગેરે નારી વિષેની વ્યાખ્યાઓ અને ઉક્તિઓ આપણને સાંભળવામાં આવે છે. આજની નારી તો નર સમકક્ષ બની ગઇ છે. આજની નારી નિર્બળ કે અસહાય નથી રહી. પ્રાચીન સમયમાં નારીનું સ્થાન કેવળ ઘર (ગૃહસ્થાશ્રમ) પૂરતું હતું. કુટુંબની માવજત, કાળજી, સાર-સંભાળ, સંસ્કાર આદિ કાર્યો પૂરતું સિમિત હતું. ભાગ્યે જ કોઇ નારી આનાથી ઉપર ઊઠી જગતમાં પ્રસિદ્ધ થઇ હોય. આજની નારી હવે ઘરમાંથી બહાર નીકળી આકાશમાં ઉડાન ભરવા માટે સુનિતા વિલિયમ્સ બનવાનાં સપનાં જુએ છે. આજે દરેક નારીને વેલણ છોડી ક્રિકેટનું બેટ અને બેડમિંટનનું રેકેટ પકડીને મિતાલી રાજની જેમ ક્રિકેટર અને સાયના નહેવાલ બનવાના કોડ જાગ્યા છે. આજે કેટકેટલીય નારીઓ અનેક ક્ષેત્રમાં પારંગત થઇને જગપ્રસિદ્ધ થઇ છે. આજની નારીઓએ દેશ-વિદેશમાં રાજકીય, સામાજિક, વ્યાપાર તથા રમત-ગમત, ધાર્મિક એમ અનેક ક્ષેત્રે નામના કાઢી છે.

આપણા દેશના રાજકીય ક્ષેત્રની વાત કરીએ, તો આપણી નારીઓ દેશના સર્વોચ્ચ હોદા પર વિરાજમાન છે.

૧. નિર્મલા સિતારામન ભારતનાં સંરક્ષણ પ્રધાનપદે વિરાજે છે.

૨. સુષ્મા સ્વરાજ ભારતના વિદેશ પ્રધાનપદ પર છે.

૩. સુમિત્રા મહાજન ભારતના લોકસભાના સ્પીકર પદ પર છે.

આ સિવાય સ્મૃતિ ઈરાની, ઉમા ભારતી આદિ કેટકેટલીય નારીઓ ભારતનાં પ્રધાનમંડળમાં આગવું સ્થાન શોભાવે છે. દુનિયાની કેટલીય નામચીન કંપનીના સી.ઈ.ઓ. તરીકે આજની નારી વિરાજમાન થઈ ચૂકી છે. આનું મુખ્ય કારણ જો હોય, તો તે છે અભ્યાસ. આજનું ભણતર કારકિર્દી બનાવવામાં અગત્યનો ભાગ ભજવે છે.

આજની નારીએ આટલી સિદ્ધિઓ હાંસલ કરવા છતાં પણ તેણીને તેના જીવનમાં ક્યાંક તો હજુ અધુરપનો અહેસાસ થાય છે. જીવનમાં નામના, પદ-પ્રતિષ્ઠા, પૈસો, ઍવોર્ડ મેળવ્યા છતાં શાંતિનો અભાવ વર્તાય છે. આનું કારણ શું ? કારણ એ જ કે નર હોય કે નારી, આખી દુનિયા મુઠ્ઠીમાં કરવા છતાં તેમને સંતોષ નથી. એટલે જ તો "દિલ માંગે મોર" વાળી ટી.વી. જાહેરાત સાચી ઠરે છે અને તેથી જ કાંઈક ખૂટે છે, અને જે ખૂટે છે તે છે અસંતોષ.

પ્રાચીન અને અર્વાચીન નારીની સરખામણી કરશો તો આપણને તફાવત જાણવા મળશે. પહેલાંના જમાનામાં સાધનો ભલે ઓછાં હતાં, પરંતુ આ ઓછાં સાધનોમાં પણ સંતોષ વધારે હતો. એ સમયે આજના જમાનાનાં પીઝા, બર્ગર, હૉટડોગ જેવા વ્યંજનો ભલે ન હતાં, પરંતુ જાતકમાઈના બાજરાના રોટલા, માખણ અને ગોળ વધારે સ્વાદિષ્ટ હતો.

સવારના પહોરમાં પ્રભાતિયાં ગાઈને શરૂ થતી પ્રભાત આજની ઘોંઘાટિયા ગીતો ગાઈને તથા જગતનો એંઠવાડ મોબાઈલ પર ઠલવાય છે તે જોઈને શરૂ થતી સવાર કરતાં વધારે મંગલમય હતી. ગામડાંની શાળાઓમાં સાધનો ભલે ઓછાં હતાં, પરંતુ સંસ્કાર અને સંપ-સંગઠન ખૂબ હતું. ઓછાં સાધનો સાથે પણ આર્યભટ્ટ, વિક્રમસારાભાઈ, ડૉ. અબ્દુલ કલામ, ધ્યાનચંદ આદિ વૈજ્ઞાનિકો તથા રમતવીરોએ દેશ-વિદેશમાં ભારતનું નામ રોશન કર્યું છે.

બાળપણમાં ગળથૂથીમાં જે સંસ્કાર મળ્યા હતા તે તેમના જીવનની મૂડી બની ગયા. નારીમાં કૌટુમ્બિક, ધાર્મિક, સામાજિક, રાષ્ટ્રીય આદિ ક્ષેત્રમાં એકતા તથા સંપ-સંગઠનનાં દર્શન થતાં. જાતિવાદ તો જોવા પણ મળતો ન હતો. ક્યાંય પણ હુંસાતુંસી કે હરીફાઈ ન હતી. કાબેલિયત પ્રમાણે સૌ પોતપોતાનાં ક્ષેત્રમાં માહિર હતા. પ્રસિદ્ધિ ન હતી, પરંતુ પ્રસંશા જરૂર મળતી. માન-સન્માનની હોડ ન હતી. પ્રાચીન નારી સંસ્કારી, સંયમી અને સંરક્ષિત હતી. દરેક નારી જાગ્રત હતી. આજની નારીએ પણ પદ-પ્રતિષ્ઠા માટે સંસ્કાર છોડી, ટી.વી. કેમેરા સામે અર્ધ-નગ્ન થશે તો રામ-રહિમ જેવા વરૂઓ તેમનો શિકાર કરતાં વાર નહીં કરે.

આજની નારીઓને જાગૃત તથા સંસ્કારી બનવું હશે, તો પોતાનો ધ્યેય નક્કી કરવો પડશે. લોકદ્રષ્ટિએ પ્રસિદ્ધ સિતારાઓને પોતાના આદર્શ માની તેમના જેવા બનવા મથવા કરતાં આપણા સંપ્રદાયની કેટકેટલી મહિલા ભક્તો- જેવાં કે લાડુબા, જીવુબા, પાંચુબા, લાધીબા, વજીબા, કણીબા, મોટીબા, ઝમકુબા, કુશળકુંવરબા, ગંગામા આદિને જો પોતાના આદર્શ માનશે તો જરૂર તેમના સંસ્કાર બચશે. જો સંસ્કાર બચશે તો સંસાર બચશે.

આજના યુગમાં વધારે પડતી ધાર્મિકતા ક્યાંક આઈ.એસ.આઈ.એસ જેવા સંગઠનો ઊભાં ન કરે તેની તકેદારી રાખવી પડશે. આપણા સંપ્રદાયના વિદ્વાન સંતો દ્વારા લખાયેલા શાસ્ત્રો તથા હરિસ્વરૂપ સ્વામી તથા ગુરુવર્ય સદ્‌ગુરુ શાસ્ત્રી શ્રી માધવપ્રિયદાસજી સ્વામીના મુખેથી બોલાયેલાં પ્રવચનો સાંભળીને જીવનમાં ધાર્મિક સંસ્કારોનું સિંચન કરી, આવનાર પેઢીને સંસ્કારી બનાવી શકાશે એમાં કોઈ શંકાને સ્થાન નથી. અને તેનાં પરિણામ સ્વરૂપે કોઈ જીજામાતા બને, કોઈ ઝાંસીની રાણી લક્ષ્મીબાઈ બને, કોઈ રાણી રૂપમતી બને, કોઈ કસ્તુરબા બને, કોઈ મધર ટેરેસા બને, કોઈ પી.ટી. ઉષા બને, જેથી ભવિષ્યમાં જ્યારે પણ ભારત પર સંકટ આવે ત્યારે આ સન્નારીઓ જ સંકટમાંથી ભારતને બચાવી શકે.

ઘરને મંદિર બનાવીએ...

- ડો. કિંજલ સાર્થક પટેલ,અમદાવાદ

સદા સાકાર અને સર્વ અવતારોના અવતારી એવા સર્વોપરી ભગવાન આપણને મળ્યા છે. એવા સર્વોપરી શ્રીહરિને આપણે રોજ પૂજન-વંદન કરીએ છીએ.

'સૂતા ઊઠી રે સમરું સહજાનંદ કે, વેણલાં ભલે વાયાં રે...'

દરરોજ સવારે ઊઠીને પથારીમાં બેઠા બેઠા ભગવાનનું નામસ્મરણ કરી, પછી પોતાની દિનચર્યા શરૂ કરવી. જો આપણે આપણી દિનચર્યા સુવ્યવસ્થિત રાખીએ તો મન, શરીર, જીવન પણ સુવ્યવસ્થિત બને.

સ્વચ્છતા એ જીવનનું એક અંગ છે. જેના થકી આપણું જીવન ધન્ય બને, કારણ કે સ્વચ્છતાથી શરીરમાં રોગ ઓછા થાય, રોગ થવાની સંભાવના નહીંવત્ હોય છે. 'પહેલું સુખ તે જાતે નર્યા' કહેવતને સાર્થક કરવા શરીરની સ્વચ્છતા રાખવી ખૂબ જરૂરી છે અને શરીર તંદુરસ્ત, રોગમુક્ત હશે તો ભગવાનની નવધા ભક્તિ ખૂબ જ સારી રીતે થશે.

સ્વચ્છતાને લીધે શરીરમાં રોગો ન થતા તબીબી ખર્ચ પણ ઘટી જાય છે. આર્થિક રીતે પણ સ્વચ્છતા રાખી શકાય અને તે પૈસા ભગવાનનાં કામમાં વપરાય છે.

વિચારોથી પણ ઘરમાં સારું એવું પરિવર્તન જોવા મળે છે. હમેશા પોઝિટીવ થીંકિંગ રાખવું જોઈએ.

વિશ્વમાં મોટામાં મોટું પ્રદુષણ વિચારોનું છે. શરીર પર કે રસ્તામાં ગંદકી હશે તો તેને સ્વચ્છ કરી શકીશું, પણ વિચારોના પ્રદૂષણનું સફાઈ કરવા કોઈ સાધન નથી. વિશ્વની દરેક સમસ્યા વિચારોના પ્રદૂષણથી સર્જાય છે, જે ઘટાડવું જોઈએ. સતત ભગવાનની ભક્તિમાં પરોવાયેલા રહીશું, તો ખોટા વિચારોનું પ્રદૂષણ નષ્ટ થઈ જશે.

ઘરને આંગણે એક તુલસીનો છોડ હોવો જોઈએ. તુલસીને ઘરનાં માતા કહેવાય છે. તુલસી શરીર માટે પણ એટલા જ ગુણકારી છે. શરીરના રોગો ખાલી તુલસીનાં પાન કે રસથી નષ્ટ થઈ જાય છે અને તેનાથી મન નિર્મળ રહે છે.

'જેને આંગણિયે તુલસીનો ક્યારો, ત્યાં વસે મારો ધર્મનો દુલારો;
થાય કીર્તન તે ઘેર, ત્યાં તો પ્રભુજીની મહેર, કદી આવે ના દુઃખનો વારો.'

ઘરમાં બધા સભ્યોએ વિવેકપૂર્વક જીવન જીવવું જોઈએ. એકબીજાને સમજવાની શક્તિ કેળવવી જોઈએ. સહનશીલતાની મૂર્તિ બનવાનો પ્રયત્ન કરવો જોઈએ. સ્ત્રીને સહનશીલતાની મૂર્તિ કહેવાય છે એમ કહીએ છીએ, પણ એ સાર્થક કરવા એ ભાવના કેળવવી જરૂરી છે. જેતલપુરનાં ગંગાબાએ ઘણું સહન કરી ભક્તિ કરી અને અંતે તેમને ભગવાન મળ્યા.

સમય પ્રમાણે જીવન જીવતાં શીખવું જોઈએ. સમયને ઓળખતા શીખવું જોઈએ. ભગવાનનું નામસ્મરણ સમયની દરેક પળે સંભારવું.

ભૂતકાળને ભૂલી જવો જોઈએ, વર્તમાનમાં જીવતાં શીખવું અને ભવિષ્યની ચિંતા ન કરવી. સમય-સ્થાન-વ્યક્તિનું મહત્ત્વ રાખવું અને ભગવાનનો રાજીપો મેળવવો. માન તો ખાસ ત્યજવું.

'સાંભળ બેની હરિ રિઝ્યાની રીતડી,
મોહનવરને માન સંગાથે વેર જો;
સાધન સર્વે માન બગાડે પળ વિષે,
જેમ ભળિયું પય સાકરમાં અહિ ઝેર જો.'

વિચાર, વાણી અને વર્તન જેના સારાં, તે ઘરમાં સુખ જાતે તણાઈ આવે.

અભિમાન ત્યજવું. જેમકે, પૈસાનું અભિમાન, ભણતરનું અભિમાન, સત્તાનું અભિમાન. અભિમાને તો રાજા રાવણ અને કંસ જેવા વ્યક્તિનું પણ અધોપતન કર્યું.

પરિવારના દરેક સભ્ય સાથે હળી-મળીને સંપીને રહેવું. વડીલોનો આદર કરવો. કુટેવોથી દૂર રહેવું. પોતાનું કામ બને તો જાતે કરવું. દરેક વ્યક્તિનું મહત્ત્વ સમજવું. ગુણગ્રાહી બનવું. બીજાને વધારે સલાહ ન આપવી.

દરેક વ્યક્તિને સ્વતંત્રતા આપવી. સ્વતંત્રતા સ્વચ્છંદતામાં ન ફેરવાય તે ખાસ ધ્યાન રાખવું. આજના સમયમાં બાળકોને વધારે પડતી સ્વતંત્રતા આપવાથી તે સ્વચ્છંદતામાં ફેરવાઈ જાય છે. એક-બીજા પાસેથી વધારે પડતી અપેક્ષા ન રાખવી.

સમય મળે કે તરત સ્વામિનારાયણ મહામંત્રનો જાપ થાય, એવી ઘરના દરેક સભ્યોએ ટેવ પાડવી. ભગવાનનું નામ લેવામાં ક્યારેય સમય નથી જોવો પડતો. ઘરના દરેક સભ્યએ ભગવાનની નવધા ભક્તિ- જેવી કે કિર્તન, કથાવાર્તા, મંત્રનો જાપ વગેરેનું નિત્ય સ્મરણ થાય તેવી ટેવ પાડવી.

ઘરમાં શાંતિનો અનુભવ થાય તેવું વાતાવરણ બનાવવું. સાધુ, બ્રહ્મચારી, સત્સંગી સાથે ખૂબ હેત રાખવું. સંતોનો સમાગમ રાખવો.

'સંત સમાગમ કીજે હો નિશદિન સંત સમાગમ કીજે.'

સર્વ ક્રિયામાં અખંડ ભગવાનનું ચિંતન કરવું.

ભગવાનને ગોપાળાનંદ સ્વામી, ગુણાતીતાનંદ સ્વામી, બ્રહ્માનંદ સ્વામી બધામાં કીર્તનના કે કથાવાર્તાના અંગ દેખાતાં હતાં. તેવી જ રીતે આપણે કીર્તન, કથા કે જપનું જે અંગ હોય તેના રંગે સત્સંગમાં ભળી જવું.

મત્સર, ઈર્ષ્યા, માન એ બધા અસદ્‌ભાવનું પરિણામ છે. ભગવાનમાં તો સહુ પ્રેમ રાખે, પણ તે જ ભગવાનને ભજતા હોય એવા ભક્તોને વિષે જો અરસપરસ ઈર્ષ્યા થાય, તો તે જોઈ ભગવાન ઉદાસ થઈ જાય.

તેવી જ રીતે ઘરમાં પણ એકબીજા પ્રત્યે પ્રેમ રાખવો, હેત રાખવું અને એકબીજાને સમજીને સદ્‌ભાવ કેળવવો. તો જ ભગવાન રાજી થાય અને ઘર એક મંદિર બને.

'હાંરે મારે આજ પ્રીતમ ઘેર આવશે જી રે.
મુને હેતે કરીને બોલાવશે જી રે....'

વચનામૃતનાં સ્ત્રી-રત્નો

- ગોરલબેન ચેતનભાઇ ભુંગાણી, રાજકોટ

સ્વધર્મ, જ્ઞાન, વૈરાગ્ય સહિત ભગવદ્‌ભક્તિ કરનાર આદર્શ સત્સંગી બહેનો સત્સંગમાં ઘણા થયાં. ભગવાન અને સંતોનો મહાત્મ્ય સહિત નિશ્ચય રાખનાર ભગવદ્‌ભક્તોની પ્રશંસા શ્રીજી મહારાજે લોયાના ૩જા વચનામૃતમાં કરતા કહ્યુ છે કે, "જેને ભગવાન અને સંતનો મહાત્મ્યે સહિત નિશ્ચય હોય, તેનાથી ભગવાન અને સંતને અર્થે શું ન થાય ?"

શ્રીહરિના આશ્રયે રહીને ભગવદ્‌ભક્તિ કરનાર સત્સંગી બહેનો સત્સંગના નિયમ-ધર્મ અથવા ભક્તિ કરવામાં વિઘ્નો કરનાર પોતાના કુટુંબીજનોનો પણ ત્યાગ કરીને શૂરવીરતાથી અને નિર્ભયતાથી અડગપણે સત્સંગ રાખીને, ભગવદ્‌ભક્તિ કરીને બ્રહ્મસ્થિતિને પામ્યા છે.

વચનામૃતમાં આવા જ કેટલાક અતિ ભાગ્યશાળી શ્રીહરિ સમકાલીન સ્ત્રીહરિભક્તોનો મહારાજશ્રી મુખે ઉલ્લેખ થયો છે.

જેમ કે, ગઢડા પ્રથમ પ્રકરણના પચ્ચીસમા વચનામૃતમાં લાડકીબાઈ, સારંગપુરના ૨માં કુશળકુંવરબાઈ, લોયાના ૩માં કુશળકુંવરબાઈ, રાજબાઈ, જીવુબાઈ, લાડુબાઈ, મોટા રામબાઈ, ભૂજના લાધીબા, માતાજી. ગઢડા અંત્ય પ્રકરણના ૨૫માં રાજબાઈનો પ્રશ્ન.

આ ઉપરાંત ગઢડા પ્રથમ પ્રકરણ ૬૩માં મહારાજે પૂર્વકાલીન સ્ત્રીભક્તો ગોપીઓ, દ્રૌપદી, કુંતાજી, સીતાજી, રુક્મણી, લક્ષ્મીજી, પાર્વતીજીના નામોનો પણ ઉલ્લેખ કર્યો છે.

આમાનાં જ એક મહાન સ્ત્રીભક્ત કુશળકુંવરબાઈના જીવન વિશે નંદસંતોના રચેલાં શાસ્ત્રોમાંથી માહિતી એકત્ર કરીને નિરૂપણ કર્યું છે, જે તમામ સત્સંગી બહેનોને ભક્તિમાર્ગમાં આદર્શ પ્રેરણારૂપ બની રહેશે.

ગુજરાત રાજ્યના ચરોતર પ્રદેશના રાજપૂત ધર્મજ દરબારશ્રી કેસરીસિંહજી મહીડાને બે સંતાનો થયાં. એક કુંવર શ્રી ઉમેદસિંહજી અને કુમારીબા શ્રી કુશળકુંવરબા.

પૂર્વજન્મના શુભસંસ્કારથી બાલ્યાવસ્થાથી જ સદાચારમય પવિત્ર જીવન જીવનાર કુશળકુંવરબાના લગ્ન ધરમપુરના રાજા શ્રી સોમદેવ સાથે થયા. તેમને એક પુત્ર થયા, તેનું નામ રૂપદેવ હતું. ધરમપુર નરેશ શ્રી સોમદેવ પરલોકવાસી થયા પછી તેમના પુત્ર રૂપદેવ રાજા બન્યા. તેમના પુત્રનું નામ વિજયદેવ હતું. રૂપદેવ પણ માત્ર ચોવીસ વર્ષની નાની ઉમરમાં જ પરલોકવાસી થયા. નાનકડા પૌત્ર વિજયદેવને રાજગાદીએ બેસાડી સાવધાનીથી ૭૦૦ ગામનું રજવાડું સંભાળનાર રાણી કુશળકુંવરબાએ પોતાના જીવના હિત માટે પણ અનેક ઉપાયો કર્યા. જેવાં કે, રાજ્યનાં ગામોમાં દેવમંદિરો બાંધવાં, ધર્મશાળાઓ બનાવી, સદાવ્રતો ખોલ્યાં, વિદ્વાન પંડિતો દ્વારા વિવિધ શાસ્ત્રોની કથાઓ સાંભળવી, વ્રત-ઉપવાસ, ઉત્સવો કરવા વગેરે...

ભગવાન સ્વામિનારાયણના સંત સદ્‌ગુરુ શ્રી પરમચૈતન્યાનંદ સ્વામી સત્સંગ પ્રચારાર્થે એક વખત ધરમપુર પધાર્યા અને રાજ્યની ધર્મશાળામાં ઉતારો કર્યો. રાજમાતાને જાણ થઈ કે કોઈ સારા સંત આવ્યા છે, તેના

દર્શન કરવા જવું જોઈએ. આમ વિચારી સેવકોને સાથે લઈ રાજમાતા ધર્મશાળામાં આવ્યા. સ્વામીને વંદન કરવા સમીપમાં આવ્યા કે તરત જ સ્વામીએ તેમના સેવકોને કહ્યું કે, "રાજમાતાને કહો કે, દૂરથી જ વંદન કરો. અમારાં ચરણસ્પર્શનો આગ્રહ રાખશો નહી. સ્ત્રીઓનો સ્પર્શ કરવો નહીં એમ અમારા ગુરુનો આદેશ છે." આ શબ્દો સાંભળીને રાજમાતાને આશ્ચર્ય થયું. સ્વામીનો વિશેષ પરિચય, નિયમ-ધર્મ વિશે સેવકો દ્વારા જાણ્યું. સ્વામીને આગ્રહપૂર્વક છ મહિના રોકીને તેમની કથાવાર્તા અલગ ઓરડામાં બહેનો સાથે બેસીને સાંભળી. તેમના દ્વારા જ કુશળકુંવરબાને સ્વામિનારાયણ ભગવાનનો નિશ્ચય થયો. તે જ સમયમાં મુક્તાનંદ સ્વામી પણ ધરમપુર પધાર્યા. તેમના મુખથી પણ ભગવાનનો મહિમા સાંભળીને મનમાં નિશ્ચય કર્યો કે ભગવાન સ્વામિનારાયણને આપણાં રાજ્યમાં પધરાવવા. તે અંગે વિનંતીપત્ર લખીને રાજદૂત સાથે ગઢપુર પહોંચાડ્યો.

વારંવારની વિનંતીનો માન આપવા અને કુશળકુંવરબાને ધન્ય બનાવવા શ્રીહરિ સંતો, હરિભક્તો સાથે ધરમપુર પહોંચ્યા. શ્રીહરિ ધરમપુર પધાર્યા ત્યારે રાજા વિજયદેવ શ્રીહરિના ચરણમાં નમી પડ્યા અને હાથીની અંબાડીમાં સવારી કરાવીને શ્રીજી મહારાજને રાજદરબારમાં પધરાવ્યા. મહારાજ ધરમપુર પધાર્યા, ત્યારે કુશળકુંવરબાની ઉમર એંસી વર્ષની હતી. શ્રીહરિનાં દર્શન કરીને રાજમાતાને અપાર આનંદ થયો. રાજમાતાના આગ્રહથી મહારાજે વસંતપંચમીનો સમૈયો ધરમપુરમાં અતિ ભવ્ય રીતે કર્યો. આ દરમિયાન મહારાજનાં દર્શન કુશળકુંવરબાએ ધરાઈને કર્યાં અને મહારાજની મૂર્તિને અંતરમાં ઊતારી દીધી. શ્રીહરિ સિવાય તેમને ક્યાંય હેત હતું નહીં. તેમણે પોતાનું સમગ્ર રાજ્ય શ્રીજી મહારાજને સોંપી દેવાનો નિશ્ચય કર્યો. તે વાતની મહારાજને ખબર પડી ત્યારે શ્રી હરિએ કહ્યું, "તમારું રાજ્ય તમે સંભાળો, અમે અહીં રાજ્ય કરવા આવ્યા નથી." ત્યારે રાજમાતાએ કહ્યું કે, "અમારે તો આપ જેમાં પ્રસન્ન હો એવું જ કરવાનું તાન છે. શ્રીહરિ, આપ અમને મળ્યા છો તો હવે અમે અમારાં અંતરમાં લગાર પણ કુસંગ નહીં રાખીએ. હવે આપનો વિયોગ ક્યારેય ન થાય એવું ઔષધ મને આપો." ત્યારે શ્રી હરિએ કહ્યું કે, "એવું ઔષધ આપવા જ અમે અહીં આવ્યા છીએ."

રાજમાતાએ કહ્યું કે, "હવે અમે અખંડ આપની મૂર્તિ ધારી રાખીશું. સર્વનું કારણ આપની મૂર્તિ જ છે."

શ્રીહરિનાં દર્શન અને શ્રીમુખથી સત્સંગની અપાર વાતો સાંભળીને કુશળકુંવરબાને પ્રગટ મહારાજનો દૃઢ નિશ્ચય થયો. મહારાજનું અને સંતો-ભક્તોનું ખૂબ જ ભાવથી અનેક ભેટ-સોગાદો દ્વારા અભિવાદન કર્યું. પોતાનાં રાજ્યના લોકોને પણ મહારાજનાં દર્શન કરાવ્યાં.

એક મહિનો ધરમપુર રોકાયા બાદ શ્રી હરિએ ત્યાંથી વિદાય લીધી. શ્રીહરિની હાથીની અંબાડી ઉપરની સવારીને રાજમાતા એકીટશે જોઈ જ રહ્યા. અતિ ભારે હૃદયે મહારાજને વિદાય આપી કુશળકુંવરબા ત્યાં જ ઢળી પડ્યા. તેમને રાજમહેલમાં લાવ્યા પછી પણ અન્નજળ લીધું નહિ. શ્રી હરિના વિરહથી પંદરમાં દિવસે મહારાણી કુશળકુંવરબા ધામમાં સિધાવ્યા. આમ ખૂબ જ ઓછા સમયમાં સત્સંગ પ્રાપ્ત કરીને, શ્રીહરિ સિવાય ક્યાંય હેત ન રાખીને, કુંશળકુંવરબાએ મહારાજની મૂર્તિના અખંડ સુખને પ્રાપ્ત કર્યું.

શરણાગતને પાળે ભક્તવત્સલ...

- સાંખ્યયોગી શ્રી ભાનુબેન, દુધાળાગીર

આપણે કેવળ પરોપકારની ભાવનાથી સત્કાર્ય કરતા હોઇએ છતાં એ કાર્યોમાં સફળતા, નિષ્ફળતા, યશ, અપયશ, મળવાના. તમારી નિ:સ્વાર્થ ભાવનાની સામે તમને નિષ્ફળતા અને અપયશ મળે ત્યારે તમે નિરાશ થઇ જવાના, સત્કાર્યોની હોંશ ઘટી જવાની. પણ તમે અંદરથી ભર્યા ભર્યા હો, તમારાં સત્કાર્યો પહેલેથી જ પ્રભુચરણમાં, કેન્દ્રમાં ભગવાનની આજ્ઞાપાલન સિવાયની કોઇ ભાવના ન હોય, પછી નિષ્ફળતા તમને નિરાશ નહિ કરી શકે. અપયશ તમને અકળાવી નહિ શકે. શ્રીહરિની સંગાથે હૃદયથી જોડાયેલો જીવ મઘમઘતા બાગ જેવો કાયમ હરિયાળો અને પ્રફુલ્લિત રહેશે. તન-મન-ધન પ્રભુને સોંપી દિયો એટલે જવાબદારી એની થઇ જાય. આપણું માથું એના પ્રસંગમાં મેલી દ્યો, તો આપણે ધારીએ તેથી વિશેષ લાડ લડાવે, એના થઇને રહીએ તો આપણી ઇચ્છા ન હોય, તો પણ સંભાળ એ લેશે. હૃદયના શુદ્ધ ભાવથી સંભારશું તો એકાએક નિર્ભય થઇ વિચરશું, પછી કોઇનો ડર નહિ લાગે. ભગવાનનો ભક્ત કાયર ન હોય, શૂરવીર હોય. એવો મોટો માલ મળ્યો છે, તો 'કાનુડા કેડે ફરીએ, કોઇથી ના ડરીએ.'

શરણાગતની ભગવાન સદા સંભાળ રાખે છે. કદાચ આપણી કસોટી માટે થોડું વહેલું અથવા થોડું મોડું, પણ પોતાના ભક્તની સંભાળ અવશ્ય લે. માટે હિંમત ન હારવી. ઇશ્વર સાથે તાર લગાવી દેવો. આપણી પ્રગતિ સાચી, મહેનત સાચી પણ દિશા ખોટી તો તેનું કાંઇ જ ફળ મળતું નથી. જવું હોય દ્વારિકા ને દિવનો રસ્તો પકડે, તો દ્વારિકા ક્યારેય આવે નહિ. માટે સદ્‌ગુરુને શીષ સોંપી દો, એ રસ્તો બતાવશે.

સ્વયંસિદ્ધા આધુનિક સંસ્કારી ગૃહિણી

- ધારા વોરા, અમદાવાદ

સ્વયંસિદ્ધાનું શાબ્દિક અર્થઘટન કરીએ તો 'સ્વયં' એટલે જાતે, પોતાની મેળે અને 'સિદ્ધા' એટલે સફળ થયેલ, પૂર્ણ થયેલ. જેણે જાતે જ પોતાનાં જીવનની કેડી કંડારી, પગરણ માંડી સફળતાના શિખર સર કર્યાં છે તેવી સ્ત્રી.

મને લાગે છે કે દરેક સ્ત્રી સ્વયંસિદ્ધા જ છે. અપવાદ હોઇ શકે, સત્ય હમેશા સાપેક્ષ હોય છે.

સ્ત્રીમાં ભગવાને એટલી શક્તિ અને ભક્તિ ભરી છે કે જરૂરિયાત પ્રમાણેનો રોલ ભજવીને એ સફળ થઇ શકે છે. આ બધું જ એના નિસર્ગદત્ત ગુણોને આભારી છે. ભક્તિ, સહનશીલતા અને સહિષ્ણુતા એ એના શણગાર છે; ધૈર્યની એ મૂર્તિ છે; દયાની એ દેવી છે; કરુણાનો એ અગાધ સાગર છે; જીવસેવા અને કુટુંબની દેખરેખ એ એનો જીવનમંત્ર છે; પ્રેમની તો એ પરસાળ છે; એનામાં શૌર્યની સરવાણી વહે છે; જરૂર જણાતાં એ 'वज्रादपि कठोराणि' પૂરવાર થાય છે; સરળતા એનામાં સહજ હોય છે; ક્ષમાશીલતાની અખૂટ સંપત્તિ છે એની પાસે; સંસ્કારયુક્ત જેનુ ગૃહસ્થપણું છે, તેવી આધુનિક સંસ્કારી ગૃહિણીને મારા કોટિ કોટિ વંદન...

આજે સ્ત્રી ઘર સિવાય બહારનાં કામમાં, બેંકમાં હોય કે સ્કૂલમાં, બિઝનેસમાં હોય કે હોસ્પિટલમાં, મોટી કંપનીમાં હોય કે ફેક્ટરીમાં, કામનાં સ્થળે તેને સોંપવામાં આવેલ જવાબદારી નિષ્ઠાપૂર્વક નિભાવે છે. ઘરમાં દાખલ થતાં જ એ બેંક ઓફિસર, શિક્ષિકા, ડોક્ટર, સીઇઓ કે ચેરમેન મટીને માતા, પુત્રવધુ કે પત્ની બની ઘરની બધી જવાબદારી નિભાવવા લાગી જાય છે. આ સમયે એ પોતાના હોદ્દાને ઓફિસ કે કામના બોજને કામનાં સ્થળ પર જ મૂકીને આવે છે. શું આ એની વિશેષતા નથી? સિદ્ધતા નથી!

માતૃત્વ, કર્તૃત્વ અને નેતૃત્વ આ ત્રણેય તાકાતનો સમન્વય છે આધુનિક સંસ્કારી ગૃહિણી. જરૂરિયાત મુજબ સ્ત્રીના જીવનમાં આવતું આ પરિવર્તન એ અંતઃકરણ સ્ફૂરિત, સ્વયંપ્રેરિત હોય છે અને સ્વપરિશ્રમથી એ એને સાધ્ય કરી લેતી હોય છે. પછી તે હરિ ભજવાની વાત હોય કે ગૃહસ્થાશ્રમની. દરેક પ્રકારના પ્રકલ્પો અને વિકલ્પો સાથે લડી શકવાની શક્તિનો સંગ્રહ છે સંસ્કારી આધુનિક ગૃહિણી.

વ્યક્તિસર્જનની શાળા જ સ્ત્રી છે. એટલે જ રાષ્ટ્ર-ઉત્થાનના બધાં જ કાર્યોમાં સ્ત્રીની સહભાગિતા અનિવાર્ય છે અને તો જ બાળકોમાં, કુટુંબના સભ્યોમાં સકારાત્મક સંસ્કારની અસર ઊભી કરી સમાજોત્થાન શક્ય બને. એક સુમાતા જ બાળકોમાં સારા સંસ્કાર, સદ્‌ગુણ, સદ્‌વિચાર અને સદાચારનું સિંચન કરી ભગવદ્‌પ્રેમી વ્યક્તિનું નિર્માણ કરી શકે અને એના માધ્યમ થકી જ સમાજમાં ભગવદ્‌ભાવ જાગૃત થાય છે.

સ્ત્રી માટે કોઇ અલગ ક્ષેત્રની જરૂરિયાત શા માટે ? એ દરેકે દરેક ક્ષેત્રમાં પોતાની સિદ્ધતા પૂરવાર કરી ચૂકી છે. અરે, આર્યનારી તો નિર્માત્રી છે, માત્ર જરૂર છે આજે સ્ત્રી હોવાનું સ્વાભિમાન જગાડવાની. સ્ત્રીને પોતાની ક્ષમતા પર ગૌરવ હોવો જોઇએ અને એની શક્તિ અને સામર્થ્ય પર શ્રદ્ધા હોવી જોઇએ.

સમાજે સ્ત્રીઓ પ્રત્યેનો દૃષ્ટિકોણ બદલવો અતિ આવશ્યક છે. આજે નારીની ઉપેક્ષા થઈ રહી છે, એના સ્વાભિમાનને ચોટ પહોંચે એવી ચેષ્ટાઓ થઈ રહી છે. એને ઓબ્જેક્ટ તરીકે દર્શાવાય છે, એ શું યોગ્ય છે ? નારી પ્રત્યે સમાજમાં આદર અને સન્માનનો ભાવ વિકસિત કરવો એ આપણા સહુની જવાબદારી છે.

પ્રાચીન સમયમાં સ્ત્રી વધારે મુક્ત હતી, સ્વતંત્ર હતી, સમાન ભાવ સાથે, સન્માન સાથે વર્તી શકતી હતી. ચર્ચા, જ્ઞાન-વિજ્ઞાન કે કલા કોઇ પણ ક્ષેત્રે જુઓને ! પરંતુ દેશ જ્યારે પરતંત્ર હતો, લગભગ ૧૭મી શતાબ્દીમાં, જેમાં ભારતમાતા પર વિદેશી આક્રમણો થતાં રહ્યાં અને ત્યારબાદ મુગલોનું શાસન આવ્યું. આ સમયગાળામાં સમાજનું પતન થયું અને સાથે જ સ્ત્રી પર થતા અત્યાચારોનું પ્રમાણ વધ્યું. ગુલામીની માનસિકતા ઘર કરી ગઇ, જેમાંથી આપણે આજે પણ મુક્ત થઇ શક્યાં નથી અને એનાં પરિણામો આજે પણ ભોગવી રહ્યા છીએ.

ભારતીય સંસ્કૃતિએ સ્ત્રીને ચાર દિવાલો વચ્ચે ઘેરી લીધી હોત, તો જ્ઞાનના ક્ષેત્રે યાજ્ઞવલ્ક્યને પડકારતી ગાર્ગી હોત ? ભારતમાં નારી પગની જૂતી હોત તો રાજા દશરથ સાથે કૈકેયી યુદ્ધ મેદાનમાં હાજર હોત ? ૧૮૫૭ ના સ્વાતંત્ર્ય સંગ્રામમાં ઝાંસીની રાણી રણચંડી બની હોત?

સ્ત્રી મમતાની મૂર્તિ જરૂર છે, પણ એ મમતાને જરૂર

પડે છાતીએ વળગાડી નથી રાખતી; પીઠ પર લાદી હાથમાં શૌર્યની તલવાર પણ ઉગામે છે અને સમય આવે ત્યારે સંસ્કારની ધરોહર પણ સાચવે છે.

જે માતાએ શિવનેરીના કિલ્લામાં તદ્દન પ્રતિકૂળ સંજોગોમાં શિવાજીને જન્મ આપ્યો અને એક મહામાનવ તૈયાર કર્યો, એ ક્યાંથી હોત ! એ માતાએ રમતરમતમાં હારીને આવનાર શિવને થપ્પડ મારી, જીત સિવાય કાંઇ ન ખપે એ વાતની પ્રતીતિ કરાવી. એ થપ્પડે જન્મ આપ્યો હિંદુસામ્રાજ્યના સ્થાપક ચક્રવર્તી છત્રપતિ શિવાજીને. જીજામાતાએ એ પૂરવાર કરેલ છે કે માત હમેશા નિઃસ્વાર્થ, સર્વસહિષ્ણુ અને સદા ક્ષમાશીલ હોય છે. પછી આધુનિક સમયની ગૃહિણી કે માતા જ કેમ ન હોય!

આજે પણ જુઓ, કયાં ક્ષેત્રમાં ગૃહિણીએ સિદ્ધિ હાંસલ નથી કરી? સ્ત્રી સાચા અર્થમાં સ્વયંસિદ્ધા જ છે.

'If you give us 100 educated mothers, then we can build a stronger nation.' આ શબ્દો છે સ્વામી વિવેકાનંદજીનાં, કે જેઓ ખૂબ જ દૂરદર્શી હતા. એ સમયે પણ સ્ત્રીને સિદ્ધતા પૂરવાર કરવાની જરૂર નહોતી. સ્ત્રી અત્યારે અને આજે પણ સ્વયંસિદ્ધા જ છે.

સંસ્કારી ગૃહિણી એ ઉત્તમ સમાજ સર્જનની પ્રક્રિયાનો મેરૂદંડ છે. એ ઘરની આધારશક્તિ છે અને એટલે આજના આધુનિક સમયમાં એમના ઉપર ઘરને સંસ્કારી રાખવાની વિશેષ જવાબદારી છે.

આજે જરૂર છે એવી કેળવણીની કે જેથી આધુનિક સમયમાં દરેક ઘરની ધરોહરરૂપી ગૃહિણી સંસ્કારી હોય અને કુટુંબરૂપી દિપને સદા તેજસ્વીમાન રાખે.

આ જ પ્રશ્ન હું તમને પૂછું છું, શું આપ સાચા અર્થમાં સંસ્કારી ગૃહિણી છો? સ્વયં વિચાર કરો!

મારા ભગવાન, મારી સંસ્થા, મારા સંતો

- દક્ષાબેન જયંતિભાઇ નાકરાણી, વાપી

રોજ સવારે ઊઠીને ભગવાનના ભક્તો ભગવાન પાસે નિત્ય પ્રાર્થના કરે છે. એ પ્રાર્થનાઓમાં એક એ પ્રાર્થના હોય છે કે, "હે ભગવાન ! અહમ્-મમત્વરૂપી તમારી માયાથી રક્ષા કરજો." અહમ્ એટલે હું અને મમત્વ એટલે મારું. જો આ હું અને મારું જગત સંબંધી હોય તો તે માયારૂપ કહેવાય. પરંતુ હું બ્રહ્મરૂપ છું, ભગવાનનો દાસ છું અને જે ભગવાનનો હું દાસ છું તે ભગવાન મારા છે. આ પ્રકારનું અહમ્-મમત્વ માયાથી પાર લઇ જનાર છે.

જ્યારે કોઇ ભગવાનનો ભક્ત ગદ્‌ગદ્ કંઠે, અશ્રુસહ, બે હાથ જોડી ભગવાનને પ્રાર્થના કરતા કહે છે, "હે મહારાજ ! હું જેવો છું તેવો તમારો છું, તમારો દાસ છું, મારા ગુના માફ કરો." ત્યારે કરુણાના સાગર એવા પરમકૃપાળુ પરમેશ્વર ભક્તના સાચા હૃદયની ભાવનાને વશ થઇ તેને શરણાગત સ્વીકારી બધા ગુના માફ કરે છે.

નિર્દોષ બનેલા ભક્તનો સંતના સમાગમે કરીને જેમ જેમ મહારાજનો વધુને વધુ મહિમા સમજાય છે, ત્યારે તે ભક્તને ભગવાન સાથે અસાધારણ પ્રેમ થાય છે અને પ્રેમીભક્તનું હૃદય બોલી ઊઠે છે, "હે ભગવાન તમે મારા છો."

"મારા ભગવાન" આ શબ્દ પાછળ કેવો અદ્‌ભુત ભાવ છુપાયેલો છે. જેના વિચારો જ રોમાંચિત કરી રોમાવલી બેઠી કરે છે, પણ એ ભાવને શબ્દોમાં ઢંડારવો અતિ મુશ્કેલ લાગે છે.

જે અનંતકોટિ બ્રહ્માંડોના સ્વામી છે, સર્વકર્તા, સર્વોપરી અને સર્વના નિયંતા છે. અક્ષરધામના અધિપતિ છે. જેના મહિમાનો કોઈ પાર નથી, એવા પરબ્રહ્મ પુરુષોત્તમ શ્રી સ્વામિનારાયણ ભગવાનને એક નાનો જીવ હાથ જોડીને કહે, "આ ભગવાન મારા છે." ત્યારે ભક્તવત્સલ ભગવાન તે જીવ પર અતિ રાજી થઈ, કૃપાદૃષ્ટિ કરે છે. તેને માથે હાથ ફેરવી, તેને ગોદમાં લઈને વ્હાલ કરે છે અને ભક્તાધીન ભગવાન તેના ભક્તની

ભક્તિને વશ થઈ સ્વરૂપનું દાન કરી કહે છે, "હા બેટા! હું તારો જ છું." બસ, એ જ ક્ષણે યુગોથી ભટકતો જીવ ભગવાનનાં સ્વરૂપમાં વિરામ પામે છે.

આ તો થઈ મંજિલની વાત, પણ આ મંજિલ સુધી પહોંચવાની યાત્રા એટલી સરળ અને સુગમ નથી. જેને મેળવવા ઋષિમુનીઓ લાખો વર્ષો સુધી કઠિન તપશ્ચર્યા કરે, પંચાગ્નિમાં દેહ તપાવે, વાયુ ભક્ષણ કરે, પહાડો અને ઘોર જંગલોમાં ઉઘાડા પગે પરિભ્રમણ કરે કે ક્યાંક ભગવાન સાથે એનો ભેટો થઈ જાય.

આવી જ કોઈ મનની ઝંખના સાથે ભગવાનની શોધમાં નીકળેલા મુક્તરાજ મુક્તાનંદ સ્વામી કહે છે.

"બાહિર ઢૂંઢ ફિરા મૈં જિસ કો,
શોધ રહિત ઘટ ભીતર પાઇ."

જે ભગવાનની શોધમાં હું બહાર ભટકી રહ્યો હતો, તે ભગવાન તો મને મારાં હૃદયની અંદર મળ્યા. અહિં મુક્તમુનિની ખોજનું પૂર્ણવિરામ આવી જાય છે.

હવે ભગવાન હૃદયમાં રહેલા છે તે આપણે પણ જાણીએ છીએ, પરંતુ જાણવું અને મળવું તેમાં ઘણો ભેદ છે. અહીં મુક્તાનંદ સ્વામીને ભગવાનરૂપી ખજાનો મળી ચૂક્યો છે. જ્યારે આપણને એ ખજાનાની ખબર છે, પણ હાથ નથી આવ્યો. હવે હૃદયમાં રહેલા ભગવાનરૂપી ખજાનાને તાળાં લગાડેલા સાત દરવાજા છે અને એ સાત દરવાજાના સાત તાળાની ચાવીઓની શોધ પહેલા કરવી પડશે.

મહારાજની પ્રેરણાથી આ સાત તાળાની ચાવીઓની શોધ માટે નીકળી, ત્યારે વાત્સલ્યમૂર્તિ શ્રી ઘનશ્યામજીવનદાસજી સ્વામી(ભૂજ)ની કૃપા અને આશિર્વાદના પરિણામ સ્વરૂપે પરમ પૂજ્ય ગુરુવર્ય સદ્‌ગુરુ શાસ્ત્રી શ્રી માધવપ્રિયદાસજી સ્વામીનાં દર્શન થયાં. એમની વિદ્વત્તા વિશે અને એમના અનેકવિધ સેવાકાર્યો વિશે જાણવા મળ્યું. સત્સંગાર્થે **SGVP** સંસ્થા સાથે જોડાણ થયું.

આ **SGVP** સંસ્થાને નિકટતાથી જાણવાના પ્રયત્નમાં તો મને આ સંસ્થામાં અનેકરૂપે પ્રગટ મહારાજના દર્શન થયા. ક્યાં ક્યાં થયાં, તે કહું છું.

અનેક ગરીબ બાળકોને મફત શિક્ષણ સાથે સંસ્કારોના સિંચનથી તેમના ગરીબ માતા-પિતાનાં હૃદયમાં થતી રાહતના રૂપમાં મહારાજ જોયાં. સંતો અને ઋષિકુમારોનાં સંસ્કૃત અભ્યાસથી રક્ષાયેલા વેદોની શ્રુતિઓમાં મહારાજ જોયાં. નિત્ય વેદગાન દ્વારા હોમહવન થતા યજ્ઞકુંડના અગ્નિમાં પ્રગટ મહારાજ જોયાં. ભૂકંપ, અતિવૃષ્ટિ અને અનાવૃષ્ટિ જેવા કુદરતના પ્રકોપથી પીડાયેલા દુઃખિયારા જીવોને સંસ્થાની સહાયથી મળતાં જીવનદાનમાં પ્રગટ મહારાજ જોયાં. સર્વોપયોગી વૃક્ષોની વાવણી અને જતન દ્વારા લીલીછમ બનેલી ધરતીમાં ભગવાન જોયાં. નિદાન કેમ્પો દ્વારા રોગમુક્ત બનેલા રોગીઓના હૃદયમાં થતી રાહતના રૂપમાં મહારાજ જોયાં, નિર્દય સમાજથી તરછોડાયેલા અને પીડાયેલા અનાથો અને વૃદ્ધોને વસ્ત્રો તથા પ્રસાદ વિતરણનાં માધ્યમથી મળતા પ્રેમ અને હૂંફના બદલામાં પીડિતોનાં હૃદયમાં ઊઠતા આશીર્વાદમાં મહારાજ જોયાં. સમાજનું અભિન્ન અંગ ગણાતી ગરીબ દિકરીઓને દત્તક લઈ ઉચ્ચ અભ્યાસ દ્વારા ખિલવવામાં આવેલા તેમના આત્મવિશ્વાસમાં મહારાજ જોયાં. સત્સંગ શિબિરો, જ્ઞાનસત્રો તેમજ કથા-પારાયણો દ્વારા જ્ઞાનોપદેશના દિવેલ પૂરી અનેક ભક્તોમાં પ્રગટેલા ચૈતન્યદીપોના અપાર તેજમાં પ્રગટ મહારાજ જોયાં અને આવા અનેક ચૈતન્યદીપોમાં મહારાજનું પ્રાગટ્ય કરાવનાર ભગવી ચૂંદડી ધારનાર પવિત્ર, પરમાર્થકારી પૂજ્ય સંતોમાં પ્રગટ મહારાજનાં દર્શન થયાં.

આમ, આ સંસ્થામાં અનેક જુદાં જુદાં સ્વરૂપે પ્રગટેલા મારા ભગવાનનાં મને દર્શન થયાં. અને જ્યાં પ્રગટ ભગવાન વિરાજમાન હોય તે ધામ અક્ષરધામ છે. માટે મારી દૃષ્ટિએ શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ વિશ્વવિદ્યા પ્રતિષ્ઠાનમ્ **SGVP** એટલે અક્ષરધામ.

જ્યાં મારા ભગવાન વિરાજમાન છે એવી અક્ષરધામ તુલ્ય મારી સંસ્થામાં રહેલા અક્ષરમુક્તો એટલે મારા સંતો, જેમનાં સ્મરણ માત્રથી હૃદય અહોભાવથી ભરાઈ જાય છે. પોતાનાં આત્મકલ્યાણ માટેના સાધન કરવાં એ સારી વાત છે, કરવા જ જોઈએ, પરંતુ બીજા અનેક જીવોના કલ્યાણાર્થે જીવન ન્યોછાવર કરવું તે તો કોઈક વીરલા જ કરી શકે. જગત કલ્યાણને અર્થે સંસારના તમામ સુખ-વૈભવને ઠોકર મારી ત્યાગ-વૈરાગ્યનો માર્ગ લેવો અતિ કઠિન છે.

આવા જ રૂડા સંકલ્પોને સાકારિત કરવા

સદ્‌વિદ્યા સદ્ધર્મરક્ષક પરમ પૂજ્ય ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજ શ્રી ધર્મજીવનદાસજી સ્વામીએ એમનાં જીવનકાળ દરમિયાન અનેક અજોડ સેવાકાર્યો કર્યાં. ગુરુદેવના સેવાકાર્યોને આગળ ધપાવવા જ નહિ, પરંતુ તેમાં ચાર ચાંદ લાગે તેવા વધારાના અગણિત સેવાકાર્યો દ્વારા વિશ્વમાં શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયનો ડંકો દશેય દિશાઓમાં ગુંજાવનાર પરમ પૂજ્ય ગુરુવર્ય શાસ્ત્રી શ્રી માધવપ્રિયદાસજી સ્વામીનાં ચરણોમાં કોટિ કોટિ વંદન છે.

સત્સંગ, સેવા અને સ્મરણ એમના જીવનમંત્ર છે, એવા પૂજ્ય સ્વામીજી સત્સંગના પોષણ તેમજ હિંદુ સંસ્કૃતિના રક્ષણ અર્થે આરોગ્યની પરવાહ કર્યા વિના દેશ-વિદેશમાં અવિરત પરિભ્રમણ કરતા રહે છે. અતિ વ્યસ્તતા વચ્ચે પણ સ્વામીજી સમાજ તેમજ સત્સંગ ઉપયોગી અનેક પુસ્તકોનું લેખન કરે છે. પ્રસંગોને તાદૃશ્ય કરતી એમની આગવી સુંદર શૈલી વાચકોને અહોભાવથી ભરી દે છે. વિદ્વત્તાની ટોચ પર રહેલા સ્વામીજી કોઈ પણ ગરીબ હરિભક્ત હોય કે નાનું બાળક હોય, દરેકને માટે સુલભ અને સરળ રહે છે. અધ્યાત્મ સાથે વિજ્ઞાનપ્રેમી સ્વામીજી વિજ્ઞાનની દરેક નવી શોધને મહારાજની નિકટ લઈ જતું એક પગથિયું માને છે. પૂજ્ય સ્વામી માટે લખવું તો સૂર્ય સામે દીવો કર્યા જેવી વાત છે. 'દયાના ભરેલ જેનાં દિલડાં' એવા પૂજ્ય સ્વામીજી ગુરુકુલ પરિવારના તમામ ભક્તો ભગવાનનું સુખ મેળવે, સાથે આ લોકમાં વ્યવહારે પણ સુખિયા રહે તેની ચિંતા કરી, આ સંસ્થામાં પિતાની ગરજ સારે છે.

જો આ સંસ્થામાં માર્ગદર્શન આપનાર પિતા પૂજ્ય સ્વામીજી છે, તો માતૃવાત્સલ્ય વરસાવનાર મા પરમ પૂજ્ય સદ્‌ગુરુ પુરાણી શ્રી બાલકૃષ્ણદાસજી સ્વામી છે. જેમની અમીમય કૃપાદૃષ્ટિથી અનેક બાળકોનું જીવનઘડતર થઈ રહ્યું છે. ગૌમાતા જેમને પ્રિય છે, એવા પૂજ્ય બાલસ્વામીના માતૃવાત્સલ્યનાં પિયુષનું પાન કરી સત્સંગના રંગે રંગાયેલા અનેક યુવાનો દેશ-વિદેશમાં રહી ગુરુકુલનું ગૌરવ વધારે છે.

એવા જ સંત પરમ પૂજ્ય સદ્‌ગુરુ પુરાણી શ્રી ભક્તિપ્રકાશદાસજી સ્વામી. જે ગુરુકુલ પરિવારના છત્ર સમાન છે. સાક્ષાત્ શ્રીજી મહારાજ સાથે વાતો કરનારા, યજ્ઞ-અનુષ્ઠાન પ્રિય પૂજ્ય સ્વામીને યજ્ઞો અને અનુષ્ઠાન ખૂબ જ પ્રિય છે.

આપણી સંસ્થાના અડીખમ પાયારૂપ સંત પરમ પૂજ્ય પુરાણી શ્રી હરિસ્વરૂપદાસજી સ્વામી છે. એકાંતમાં ધ્યાન-ભજનપ્રેમી, વાંચનપ્રેમી પૂજ્ય સ્વામીએ હાસ્યસભર પ્રવચનો દ્વારા અનેક યુવાનોને વ્યસનમુક્ત કરી, જીવન જીવવાની કળા શીખવી અને ભક્તિમાર્ગના સાચા રહસ્યો સમજાવી ભક્તિને માર્ગે વાળ્યા છે.

આવા અનેક મુગટમણિ સમાન પવિત્ર સંતો આ સંસ્થાની સેવા કરી રહ્યા છે. જપ, તપ, વ્રત, ધ્યાનાદિક સાધના કરતા કરતા સાથે અખંડ ચાલતા પરોપકાર હેતુ સેવાકાર્યોમાં રાત-દિવસ જોયા વિના નિઃસ્વાર્થભાવે કાર્યરત રહે છે. સેવા વિના ભોજન પર એમનો અધિકાર નથી એવું માનતા સંતો, આલિશાન મહેલો જેવી ઇમારતોની અંદર ભોંયપથારી પર ભગવાનને સંભારી ધરતીના ખોળે પોઢે છે. દેહની અવગણના કરી આકરાં વ્રતો કરે છે. સંસ્કૃત શાસ્ત્રાભ્યાસ દ્વારા સુવર્ણ ચંદ્રકો પ્રાપ્ત કરનાર અનેક સંતો પોતાની વિદ્વત્તા ભૂલી નિર્માની ભાવે આ સંસ્થાની સેવા કરે છે.

પોતાને ધરતીના પુત્ર માનતા અર્થાત્ સમગ્ર પૃથ્વીને પોતાનું ઘર માનનારા આ સંતો સત્સંગનાં પોષણ અર્થે દેશ-વિદેશની યાત્રા દરમિયાન કલાકો સુધી અન્નજળ વિના ભૂખ-તરસને સહન કરે છે. પરદેશની ધરા પર શ્રી સ્વામિનારાયણ નામની કેસરી ધજા ફરકાવી અનેક જીવોને સત્સંગના રંગે રંગી રહ્યા છે.

બાલશિબિર, યુવાશિબિર, સત્સંગ સાધના શિબિર, જ્ઞાનસત્ર અને બીજા નાનામોટા ઉત્સવો દ્વારા અનેક જીવોને ભગવાન સાથે જોડે છે. સર્વ પ્રકારે સ્ત્રી-ધનના ત્યાગી આ સંતો કે જેમના વાણી, વિચાર અને વર્તન એક જ છે. જેમ એમની વાણી જીવની હિતોપદેશી છે તેમજ તેમનું મૌન પણ જીવને હિતકર જ હોય છે. આમ આ સંતો જીવનની પ્રત્યેક ક્ષણને પરહિતને અર્થે ખર્ચી શ્રીજી મહારાજને રાજી કરે છે.

ભક્તિમાર્ગના પથદર્શક એવા પિતૃસમાન મારાં સંતોને વંદન હો...

જીવાત્માને વાત્સલ્યતા અપાવનાર માતૃસમાન મારાં સંતોને વંદન હો...

સુખ-દુઃખનાં સહભાગી અમારા જીવના સાચા મિત્ર મારાં સંતોને વંદન હો...

છેલ્લે મારી સાત દરવાજાના સાત તાળાની સાત ચાવીઓની શોધ પૂરી થઈ. મારા ભગવાનની પ્રાપ્તિ મારી સંસ્થાના મારાં સંતોનાં શરણમાં મળી. એમના સત્સંગ દ્વારા અંતરના તમામ તાળા ઉઘડી જાય અને પ્રગટ પૂર્ણપુરુષોત્તમ શ્રી સ્વામિનારાયણ ભગવાનની પ્રાપ્તિ એ જ મારા જીવનનું એક જ અને અંતિમ લક્ષ્ય છે.

જય શ્રી સ્વામિનારાયણ...

સંસ્કારદાત્રી ગૃહિણી

- દોંગા મુક્તાબેન રસિકભાઇ, રાજકોટ

ભારતીય સંસ્કૃતિમાં ગૃહસ્થાશ્રમને પવિત્ર યજ્ઞ સમાન ગણવામાં આવે છે. સંસ્કાર અને સત્સંગ યુક્ત સ્ત્રીનાં જીવનથી આખા પરિવારો અને પોતાનાં સંતાનો સંસ્કારયુક્ત જીવન જીવતા થયાના સમાજમાં ઘણાં ઉદાહરણ છે. સંસ્કાર અને સત્સંગપરાયણ બહેનોનાં જીવનથી ઘણા પરિવારો અને સમાજના જીવોના કલ્યાણ થાય છે.

ભારત દેશમાં નારીને નારાયણી મનાય છે, તેથી તેમનું પૂજન-અર્ચન અને આરાધના થાય છે. આપણને પ્રાપ્ત થયેલ મહાપુરુષો, શૂરવીરો, સંતો, ગુરુઓ, દાતારો, તીર્થંકરો એ ખરેખર આ દેશની સતીઓને આભારી છે. સ્ત્રીઓમાં જ સંસ્કારી મહાન માતા બનવાની ક્ષમતા રહેલી છે. તેથી સતીઓએ પોતાની શ્રદ્ધા, પ્રેમ, પવિત્ર જીવનથી ભગવાન રામ, શ્યામ અને ઘનશ્યામની જનેતાઓ બનવાનું સૌભાગ્ય પ્રાપ્ત કરેલ છે.

ઉત્તમ જીવન જીવનારા સંસ્કારદાત્રી ગૃહિણીઓએ, આદર્શ બહેનોએ સંપ્રદાયની સાથે સાથે ધર્મ-સમાજની પણ જે સેવા કરી છે, તે અજોડ ઉદાહરણ છે. બહેનોના સેવાયોગ અને સંસ્કારથી સમાજ અને સત્સંગ ઉજ્જવળ છે. સંસ્કાર એ કોઈ બજારમાં વેચાતી મળતી ચીજ કે મેડીકલમાં મળતી દવા નથી કે એક દિવસમાં બાળકોમાં આવી જાય ! બાળકોમાં સારા સંસ્કાર તો સંસ્કારી માતાઓ થકી જ આવે છે. કહેવત છે કે, 'એક માતા સો શિક્ષક સમાન છે.'

બહેનો માટે માતૃત્વ પરમાત્માએ આપેલું વરદાન છે. દુનિયામાં માતાથી મોટી કોઈ પદવી નથી. આજના સમયમાં બહેનો વિકાસ સાધે તે બહુ જ સારી વાત છે, પરંતુ પોતાની કુદરતી બક્ષિસ દ્વારા વિકાસ સાધે એ વધુ જરૂરી છે. બહેનો અવનવી કળામાં નિષ્ણાંત બને તે પરિવાર અને આખા સમાજ માટે સારી વાત છે, પરંતુ સાથે પોતાના ઘરને સ્વર્ગ સમાન બનાવે, તેવા સંસ્કાર પોતાના સંતાનો અને પરિવારને આપે એ ગૃહિણી માટે જરૂરી છે.

વૈજ્ઞાનિક તારણોએ સિદ્ધ કર્યું છે કે, 'જે બાળકને પ્રેમ અને સારા સંસ્કાર માતા તરફથી નથી મળતા, તે અપરાધી બની જાય છે.' નારી શક્તિ એ વિશ્વની શોભા છે. જો સંસ્કારી સમાજની રચના કરવી હશે, તો નાના દિકરા-દિકરીઓને સંસ્કાર આપવાનું કામ માતાઓએ જ કરવું પડશે. મહિલાઓ જ આ કાર્ય બીજા કરતાં સારી સફળતાથી કરી શકશે.

ભારતીય સંસ્કૃતિમાં શીલ અને સદાચારમય જીવન ઉપર ભાર મૂકાયો છે. ભારત દેશની માતાઓ શીલ, સદાચાર અને સતીત્વથી ભતેલી હતી અને એનાં ફળ સ્વરૂપે જ ભારતમાં હજારો મહાન વિભુતિઓ પ્રગટી છે. ભારતે વિશ્વને જેટલા મહાન પુરુષો આપ્યા છે, એટલા વિશ્વના કોઈ દેશે આપ્યા નથી.

જે ઘરમાં નિયમિત બહેનો થાળ-આરતી, ભજન-કિર્તન-સત્સંગ, સારાં પુસ્તકોનું વાંચન પોતાનાં સંતાનોને સાથે રાખીને કરે, તે ઘર સાચે જ એક મંદિર બની જાય છે. આખા ઘર, કહેતા પરિવારમાં સારું સંસ્કારયુક્ત વાતાવરણ ઊભું કરવામાં ઝાઝો ફાળો બહેનોનો જ હોય છે. સંતાનોને સારા સંસ્કાર આપવા, નાનકડાં પંખીના માળા જેવું સુંદર ઘર કલરવ કરતું કરી દેવું અને દેવતાને પણ ઈર્ષ્યા આવે એવાં નાનકડાં ઘરને સ્વર્ગમાં ફેરવી દેવું, એ કામ સંસ્કારદાત્રી ગૃહિણી જ કરી શકશે.



ધન્ય ગૃહસ્થાશ્રમ

- ડો. શ્રુતિ વિપુલભાઇ ગજેરા, અંકલેશ્વર

હિન્દુ ધર્મમાં મનુષ્યને ચાર આશ્રમમાં વહેચવામાં આવેલ છે.

૧. બ્રહ્મચર્યાશ્રમ, ૨. ગૃહસ્થાશ્રમ, ૩. વાનપ્રસ્થાશ્રમ, ૪. સન્યાસાશ્રમ

ગૃહસ્થાશ્રમ સુખ-દુ:ખ અને નાની-મોટી જવાબદારીઓથી ભરેલો છે. આપણે ધન્ય ગૃહસ્થાશ્રમ વિશે વિચારીએ તો તેના મુખ્ય ચાર પાસા છે- ધર્મ, અર્થ, કામ અને મોક્ષ.

ધર્મ :- ધર્મ એ મનુષ્ય જીવનમાં સુખ-શાંતિ, સંસ્કાર અને મર્યાદાઓ શીખવે છે. ગૃહસ્થજીવનમાં મર્યાદાઓનું ઘણું મહત્ત્વ છે. જેનું જીવન મર્યાદાઓથી બંધાયેલું હોય તેનું જીવન સુખ-સમૃદ્ધિથી ભરેલું રહે છે. ધર્મથી બંધાયેલા મનુષ્યનું મનોબળ સુદૃઢ હોય છે. તેનાથી તેની બુદ્ધિ સદ્‌બુદ્ધિમાં પરિવર્તીત થાય છે, આત્મબળ મજબૂત થાય છે, આત્મવિશ્વાસ સુદૃઢ બને છે. જેના કારણે જીવનમાં આવતી મુશ્કેલીઓના રસ્તા આપમેળે નીકળતા જાય છે.

અર્થ :- ગૃહસ્થાશ્રમનું આ પાસુ ખૂબ જ મહત્ત્વનું છે. જીવન જીવવા માટે શાસ્ત્રોમાં ધનસંપત્તિને પણ મહત્ત્વ આપેલ છે. ધનથી જીવન સુખપૂર્વક પસાર થઈ શકે છે. ધન-સમૃદ્ધિથી માણસને સમાજમાં માન અને મોભાનું સ્થાન પ્રાપ્ત થાય છે.

ભગવાનની કૃપા, સત્પુરુષોનો રાજીપો, માતા-પિતાનાં આશીર્વાદ તેમજ પ્રામાણિક માર્ગેથી પ્રાપ્ત થનાર ધનને લક્ષ્મી કહેવામાં આવે છે. આ લક્ષ્મીનો ઉપયોગ પરોપકારના માર્ગે થાય તો ગૃહસ્થાશ્રમ ધન્ય બને છે.

કામ :- કામ એટલે ઇચ્છા. ગૃહસ્થજીવનમાં ધર્મ અને અર્થનું જેટલું મહત્ત્વ છે, તેટલું જ મહત્વ કામનું પણ છે. ઇચ્છાથી મનુષ્ય પોતાની પ્રગતિ-વિકાસ સાધી શકે છે. ઇચ્છાઓ જેટલી મર્યાદિત એટલું જીવન સફળ. મર્યાદા ઓળંગીને ભોગવેલા ભોગ, પૂરી કરેલી ઇચ્છાઓ અવશ્ય દુ:ખને આમંત્રણ આપે છે. માટે ભગવાનના ભક્તે ધર્મમાં રહીને ઇચ્છાપૂર્તિ કરવી.

મોક્ષ :- ધર્મ માર્ગે ચાલી અર્થ મેળવવો, મેળવેલ અર્થથી મર્યાદિત ઇચ્છાઓની પૂર્તિ કરી ભગવાન અને એકાંતિક સત્પુરુષોને પ્રસન્ન કરવા. સાથે સાથે નવધાભક્તિને જીવનમાં વણી મોક્ષ મેળવી લેવો. તો ગૃહસ્થાશ્રમ સફળ થાય છે.

ગુણાતીતાનંદ સ્વામી કહે છે, "કરોડ કામ બગાડીને પણ એક મોક્ષ સુધારી લેવો."

ગૃહસ્થાશ્રમ એટલે સ્ત્રી અને પુરુષથી રચાયેલો સંસાર. બન્ને વ્યક્તિના કાર્યો અલગ-અલગ હોય છે. સ્ત્રી ઘરની સંભાળ રાખે, બાળકોનું ઘડતર-સંસ્કારનું સિંચન કરે અને પરિવારને સંગઠિત રાખે. એમાં જ નારીની અને ઘરની શોભા છે. સ્ત્રી સહનશીલતા તેમજ શક્તિનું સ્વરૂપ છે. સુંદર પરિવારનું નિર્માણ નારી થકી થાય છે. એટલે "નારી તુ નારાયણી" કહેવાય છે.

પુરુષનું કર્તવ્ય પરિવારનું પોષણ કરવું, અર્થ માટે આજીવિકાનાં સાધનો ઊભા કરી પરિવારની આર્થિક સદ્ધરતા વધારવામાં છે. કુટુંબની પ્રતિષ્ઠા, માન, મોભાની સતત કાળજી રાખી સન્માર્ગે ચાલવું એ પુરુષનું કાર્ય છે.

ધર્મમય જીવન, મર્યાદાઓનું જતન, વિવેક, નમ્રતા, સામાજિક અને વ્યવહારિક કાર્યોમાં નિતિમત્તા સાથે દિવસભરની દરેક ક્રિયામાં ભગવાનને સાથે રાખવા વગેરે સફળ ગૃહસ્થજીવનના લક્ષણો છે.

માનજીવનની ચાર અવસ્થામાં ચાર આશ્રમોનો સમન્વય કરીએ તો -

૧. બાલ્યાવસ્થા એટલે બ્રહ્મચર્યાશ્રમ
૨. યુવાવસ્થા એટલે ગૃહસ્થાશ્રમ
૩. પ્રૌઢાવસ્થા એટલે વાનપ્રસ્થાશ્રમ
૪. વૃદ્ધાશ્રમ એટલે સન્યાસાશ્રમ

આપણા શાસ્ત્રોમાં આ ચારે અવસ્થા અને ચાર આશ્રમોમાં શ્રેષ્ઠ ગૃહસ્થાશ્રમને માનવામાં આવે છે. કારણ કે બધા આશ્રમીનું પોષણ ગૃહસ્થાશ્રમી કરે છે.

તે જ રીતે ચાર અવસ્થામાં યુવા અવસ્થા શ્રેષ્ઠ છે, આ અવસ્થામાં કરેલા કાર્યો-કર્મ પાછળની બન્ને અવસ્થાને ઉજ્જવળ બનાવે છે. યુવા અવસ્થા એટલે કે દાંપત્યજીવન, જે વ્યક્તિનું દાંપત્યજીવન સફળ એ દરેક ક્ષેત્રે સફળ થાય છે.

આ રીતે બધા જ આશ્રમોમાં જે શ્રેયદાયી આશ્રમ હોય તો એક ગૃહસ્થાશ્રમ છે, તેથી તેને 'ધન્ય ગૃહસ્થાશ્રમ' તરીકે સંબોધવામાં છે.

સંસ્કારી અને સત્સંગી ગૃહિણી

- તારાબેન રાદડિયા, અમદાવાદ

આ વર્તમાન યુગ એટલે ટેક્નોલૉજીનો યુગ. આજના આ ઝડપી યુગમાં લોકો રાત્રિ-દિવસ દોડદોડ કરે છે. માટે માણસમાણસ વચ્ચેનું અંતર ઘટી જાય છે, ઘરમાં ઝઘડાઓનું પ્રમાણ વધતું જાય છે. તેનું મુખ્ય કારણ કોઇ હોય તો સંતાનોમાં સત્સંગ અને સંસ્કારોનો અભાવ.

અત્યારે તો આપણે એટલા આગળ જતા રહ્યા છીએ કે પ્રશ્ન થાય કે સંસ્કાર એટલે શું ? જે ગુણોથી માણસનું જીવન સુગંધથી મહેકી ઊઠે, પરિવાર અને સમાજમાં માણસ સન્માનપૂર્વક જીવન જીવી શકે એટલે સંસ્કાર અને જેનાથી સંસ્કાર આવે એ સત્સંગ.

જો આપણાં ઘરના સભ્યોમાં આ સંસ્કાર નામનો ગુણ હશે, તો તે સંસ્કાર આપોઆપ બાળકોમાં આવશે અને ઘરનું વાતાવરણ બદલાઈ જશે. અને આ સંસ્કાર આપવામાં કોઈ જવાબદાર વ્યક્તિ હોય તો તે છે ઘરની આર્ય નારી. ભારત વર્ષના ઇતિહાસમાં નાની ઉંમરમાં જ જે મહાન શૂરવીર થયા તે લવ-કુશમાં યોગ્ય સંસ્કારોનું ઘડતર કર્યું હોય, તો તે હતા માતા સીતા. આ સંસ્કારથી બાળકનાં જીવન તો સુંદર બને છે, પણ તે બાળકો માતાના એ જ સંસ્કારોથી ભારત વર્ષના ઇતિહાસને પણ બદલી નાંખે છે. મરાઠા સામ્રાજ્યને નવી દિશા આપનાર, હિંદુત્વની ભાવનાને પુનઃ જગાડનાર મહાન છત્રપતિ શિવાજી મહારાજને મહાભારત અને રામાયણની વાતો સંભળાવીને કોઈએ ઘડતર કર્યું હોય, તો તે છે તેમના માતા જીજાબાઈ.

વિશ્વના પ્રખ્યાત વૈજ્ઞાનિક આલ્બર્ટ આઇનસ્ટાઇનની વાત છે. જ્યારે તેઓ શાળામાં હતા ત્યારે તે સાવ ઠોઠ અને ઓછી બુદ્ધિવાળા હતા. તેથી તેની શાળાના એક શિક્ષકે એક દિવસ તે બાળકને ચિઠ્ઠી આપીને તેની માતાને આપવા કહ્યું. તેની માતાએ આ ચિઠ્ઠી વાંચી અને કબાટમાં મૂકી દીધી. આલ્બર્ટે પૂછ્યું, 'ચિઠ્ઠીમાં શું લખ્યું છે ?' તેની માતાએ કીધું, 'ચિઠ્ઠીમાં એમ લખ્યું છે કે તમારો પુત્ર ખૂબ જ હોશિયાર છે. અમે એને ભણાવી શકીએ એટલા સક્ષમ નથી, માટે તેને કોઈ સારી શાળામાં ભણવા મૂકો.' પછી તો તેની માતાએ તેને ઘરમાં પોતે જ ભણાવવાનું ને સંસ્કાર આપવાનું ચાલુ કર્યું અને સમય જતાં તે જ આઇન્સ્ટાઇન વિશ્વના સૌથી મહાન વૈજ્ઞાનિક આલ્બર્ટ આઇન્સ્ટાઇન બન્યા. વૈજ્ઞાનિક બન્યા પછી એક દિવસ એ કબાટ સાફ કરતા હતા, તો તેના હાથમાં એ ચિઠ્ઠી આવી જે નાનપણમાં તેના શિક્ષકે મોકલી હતી. ચિઠ્ઠી ખોલીને વાંચી અને વાંચતાની સાથે જ તે ભાંગી પડ્યા અને ખૂબ જ રડ્યા હતા. ચિઠ્ઠીમાં લખ્યુ હતું કે 'તમારો બાળક મંદબુદ્ધિનો છે. તેને ભણવામાં કાંઇ ખબર નથી પડતી, માટે હવેથી તેને શાળાએ મોકલવો નહીં.' મંદબુદ્ધિના બાળકને દુનિયાનો સૌથી બુદ્ધિશાળી માણસ બનાવવાનો ચમત્કાર તો કોઈ માતા જ કરી શકે.

પણ આજના આધુનિક સમયમાં માતા-પિતાને બાળકનું ઘડતર અને સંસ્કાર આપવાનો સમય જ ક્યાં છે ! પોતાનો બાળક ક્યાં, શું કરતો હોય છે તે તેના માતા-પિતાને કાંઇ ખબર જ નથી હોતી. બાળક શાળામાં શું કરે? મિત્રો સાથે શું કરે? તેના મિત્રો કેવા છે? એ કાંઇ તેમને ખ્યાલ જ નથી હોતો. માતા જ બાળકને યોગ્ય સંસ્કાર આપી શકે છે. પણ આજની માતાઓ તો ફેશન અને ટેક્નોલૉજીમાં જ ખોવાઈ ગઈ છે. આજે તો માતા બાળકને ગર્ભમાંથી જ ફાઈટીંગના ને એવા સંસ્કાર આપે છે, તેથી બાળક મોટો થઈને એ જ રસ્તો અપનાવે છે. મુંબઈમાં એક બાળકનો જન્મ થયો અને બાળક બોલતા શીખ્યો. તો સૌથી પહેલા એ બાળક 'કાલિયા, તેરા ક્યા હોગા' આ વાક્ય બોલ્યો અને એ જ બોલ્યા રાખે. તેને કોઈએ શીખવાડ્યું ન હતું, પણ તપાસ કરતા જાણવા મળ્યું કે આ બાળક જ્યારે માતાના ગર્ભમાં હતો ત્યારે તેની માતાએ ૨૨ વખત શોલે પિક્ચર જોયું હતું અને આ એ ફિલ્મનો જ ડાયલોગ હતો. જીજાબાઈએ રામાયણ અને મહાભારત સંભળાવ્યું તો શિવાજી મહાન થયા અને પેલીએ શોલે જોયું તો દીકરો ગબ્બરસિંહ જેવો થયો. ગાંધીજી પણ કહેતા કે હું જે કાંઇ છું એ મારી માતાના કારણે જ છું. માર્કંડેય પુરાણમાં સતી મદાલસાની કથા આવે છે, જેણે પાતાના ચાર ચાર પુત્રોને વૈરાગ્યરૂપી સંસ્કાર આપીને સાધુ કરી દીધા. એટલે જ લખ્યું છે ને કે,

'જનની જણ તો ભગત જણ, કાં દાતા કાં શૂર,
નહીં તો રહેજે વાંઝણી, મત ગુમાવીશ નૂર.'

માટે જીવનમાં સંસ્કારરૂપી ગુણનું ખૂબ જ મહત્ત્વ રહેલું છે. અને તે જો કોઇ આપી શકે એમ હોય, તો તે માતા છે. માટે આપણે પણ ફેશન અને ટેક્નોલૉજીની બનાવટી દુનિયામાંથી બહાર આવીને પોતાના સંતાનોને સમય આપી, તેમનું યોગ્ય ઘડતર થાય એવા સંસ્કારો આપીને સમાજની અંદર મહેંકે તેવાં સુંદર ફૂલોનું નિર્માણ કરીએ.

નારીવાદી ચળવળોના પરિપ્રેક્ષ્યમાં સ્વામિનારાયણ સંપ્રદાયની પરંપરા

- ધૃતિબહેન યાજ્ઞિક, અમદાવાદ

સ્વામિનારાયણ સંપ્રદાયમાં સ્ત્રીઓના દરજ્જાનો પ્રશ્ન ઉપસ્થિત થવાના મુખ્ય કારણોમાં એક તો એ છે કે વિશેષ રૂપે ગુજરાતના બુદ્ધિજીવીઓમાં એવી ગેરસમજ પ્રવર્તે છે કે સ્વામિનારાયણ સંપ્રદાયના સંતો ચુસ્તપણે અને શક્ય તેટલી તમામ રીતે સ્ત્રીઓથી દૂર રહે છે, એટલે સંપ્રદાયમાં સ્ત્રીઓનું કોઇ સ્થાન જ નથી. તેથી એ સ્પષ્ટતા થવી આવશ્યક બને છે કે સંતોના આ પ્રકારના વર્તનનો સ્વામિનારાયણ સંપ્રદાયના સ્ત્રીઓના દરજ્જા સાથે કોઇ સંબંધ નથી.

વળી બીજું, વિધાયક દૃષ્ટિએ એ કે શ્રી સ્વામિનારાયણ ભગવાન દ્વારા સમકાલીન જગતને એક એવું ઉદાહરણ પૂરું પાડવામાં આવ્યું છે કે જ્યાં સ્ત્રીઓ અને પુરુષોની સમાનતા તો છે જ, ઉપરાંત સ્ત્રીઓનો પોતાનો સ્વતંત્ર દરજ્જો પણ સંપ્રદાયમાં આપવામાં આવ્યો છે. તેથી પણ સ્વામિનારાયણ સંપ્રદાયમાં સ્ત્રીઓના દરજ્જા અંગે સ્પષ્ટતા થવી આવશ્યક છે.

મોનિયર વિલિયમ કહે છે કે, અમૂક પરંપરામાં રહેલ ભ્રષ્ટાચારના કારણે આધુનિક સમયમાં સમાજસુધારક શ્રી સ્વામિનારાયણ આવી અતિ પવિત્ર ચળવળ કરવા પ્રેરાયા છે. આનો કારણે જ વિજેરી કહે છે કે, **"Swaminarayana re-established Hindu worship in its virgin integrity."(Yajnik J. A. (1972), The Philosophy of Shri Swaminarayana, L.D. Institute of Indology, Ahmedabad, India.)**

અહીં નારીવાદી ચળવળોના સંદર્ભમાં સ્વામિનારાણ સંપ્રદાયમાં સ્ત્રીઓના દરજ્જાને મૂલવવાનો પ્રયત્ન હોવાથી મુખ્ય નારીવાદી ચળવળોની ટૂંકમાં સમજૂતી જોઇએ.

મોટાભાગની સંસ્કૃતિઓ અને સભ્યતાઓમાં સામાન્ય રીતે તાત્ત્વિક, સામાજિક કે રાજકિય માળખામાં સ્ત્રીઓએ કયા પ્રકારનો ભાગ ભજવવો તેમાં હમેશા પુરુષો જ નિર્ણાયક રહ્યા છે, જ્યાં સ્ત્રીઓ હમેશા પુરુષોથી નિમ્ન દરજ્જે રહી છે. પુરુષ-પ્રધાનતા સર્વવ્યાપક રહી છે. પુરુષ-પ્રધાન પૂર્વગ્રહોમાં સ્ત્રીઓને નિષ્ક્રિય અને બધું સ્વીકારી લેવાવાળી અને પુરુષોને સક્રિય અને સર્જનાત્મક વર્ણવ્યા છે. ફ્રિટજોફ કેપ્રાના અર્થઘટન અનુસાર વિજ્ઞાન અને યાંત્રિકીકરણ એ પુરુષપ્રધાનતા સૂચવે છે અને કુદરત કે જેની ઉપર વિજ્ઞાને વિજય મેળવવા પ્રયત્ને કર્યા છે, તે સ્ત્રીપ્રધાનતા સૂચવે છે. તેથી જ, જે રીતે વિજ્ઞાન અને યાંત્રિકીકરણ કુદરતને આધીન કરવા પ્રયત્ન કરે છે તે રીતે પુરુષો પણ સ્ત્રીઓને આધીન રાખે તે ન્યાયી ઠેરવાય છે.

આ પ્રકારની માન્યતા, અર્થાત્ લાક્ષણિક પુરુષ-પ્રધાનતા જેવી માન્યતાઓ ઇમ્મેન્યુઅલ કૅન્ટ, રૂસો, નિત્શે, શોપનહોઅર જેવા ચિંતકો પણ ધરાવે છે. રૂસો તો ત્યાં સુધી કહે છે કે સ્ત્રીઓના, માતા અને પત્ની તરીકેના કુદરતી કાર્યોને કારણે સ્ત્રીઓ એવી વ્યાવહાર-પ્રધાન થઇ જાય છે કે તેઓને કદી ઊંચા વિચારો અને અમૂર્ત ખ્યાલો આવવા સંભવ જ નથી. અર્થાત્ બૌદ્ધિક ચિંતન કરવાની ક્ષમતા જ સ્ત્રીઓમાં નથી. આ ઉપરાંત તેઓ પોતાના ચિંતનમાં હદ તો ત્યાં વટાવે છે કે તેમના મતે સ્ત્રીઓનું જાહેર જીવનમાં સ્થાન અકુદરતી તો છે જ, પણ સમાજના વ્યવસ્થિત સંચાલન માટે જોખમ છે ! વળી તેઓ માને છે કે પોતાના કુદરતી આવેગો અને ઇચ્છાઓને નિયંત્રિત કરી શકવા અશક્તિમાન સ્ત્રીઓ પાસે ન્યાયની તો સૂઝ જ નથી ! ફ્રોઇડ પણ પુલ્લિંગતાને સાંસ્કૃતિક અને જાતીય માપદંડ કે ધોરણ માને છે, એટલે કે તે સામાન્ય બાબત છે અને તે માપદંડથી વિપરિત તે સ્ત્રૈણત્વ છે.

આમ, એક તરફ વિજ્ઞાનની આખી ઇમારત પુરુષ-પ્રધાનતાની ધારણા પરથી વિકસિત થઇ અને બીજી તરફ એ જ વિજ્ઞાનના વિકાસને કારણે નવજાગૃતિ આવતાં સ્વાતંત્ર્ય અને સમાનતાના મૂલ્યો પણ વિકસ્યા. આ જ બાબત નારીવાદી ચળવળોનો પાયો છે. થિયોડોર આ પ્રકારની ચળવળોને **counter culture** કહે છે.

નારીવાદી સિદ્ધાંતો આ પ્રકારના સ્ત્રીઓના નિમ્ન અથવા દ્વિતીય દરજ્જાના સ્થાન અંગે બૌદ્ધિક વિચારણા કરી તેની સમીક્ષા કરે છે. નારીવાદી ચળવળોને મુખ્ય ત્રણ વિભાગોમાં વિભાજિત કરી શકાય :

(૧) નારીવાદીનો પ્રથમ તબક્કો ૧૭૯૨માં મેરી વોલસ્ટોનક્રાફ્ટ દ્વારા પ્રકાશિત **"A Vindication of the Rights of Woman"** પુસ્તક દ્વારા કહી શકાય. આ શરૂઆતની ચળવળ દ્વારા સ્ત્રીઓને મોટે ભાગે રાજકીય અને આર્થિક હક્કો મળી રહે તેની ઉપર ભાર મૂકવામાં આવ્યો.

(૨) નારીવાદીનો બીજો તબક્કો ૧૯૪૯ માં સીમોન-દ-બ્યોવ્યોર દ્વારા પ્રકાશિત **"The Second Sex"** પુસ્તક દ્વારા કહી શકાય. પ્રથમ તબક્કો જ્યારે રાજકીય અને આર્થિક પાસાંઓ પર ભાર મૂકે છે, જ્યારે બીજો તબક્કો સ્ત્રીઓના સ્ત્રીપણા અને સ્ત્રી-વિશેષતા પર વધુ ભાર મુકે છે. તેમના મતે, કેવળ આર્થિક અને રાજકીય સમાનતા જ પર્યાપ્ત

નથી, પરંતુ સામાજિક અને સાંસ્કૃતિક જીવનમાં પણ સમાનતા હોવી આવશ્યક છે. જેમાં સામાજિક ધોરણો, પરંપરાઓ, રીત-રિવાજો વગેરેમાં પણ સમાનતા હોવી જોઈએ. સીમોન-દ-બ્યોવ્યોરનું પ્રખ્યાત વિધાન છે કે **"one is not born, but rather becomes a woman ... it is civilization as a whole that produces this creature. which is described as feminine."**

(૩) નારીવાદી ચળવળનો ત્રીજો તબક્કો ૧૯૮૦ ના ગાળા દરમ્યાન છે. જેમાં બેલ હુક દ્વારા પ્રકાશિત **"Black Women: Shaping Feminist Theory"** મુખ્ય છે. જે અનુસાર બધા એમ માને છે કે તમામ સ્ત્રીઓ સમાન રીતે દમિત કે પીડીત છે, પરંતુ એ સત્ય નથી. તેમના મતે તમામ સ્ત્રીઓ પ્રત્યેનું દમન એકસરખું નથી. જાતિ, આર્થિકતા, વર્ણ વગેરેમાં વર્ગો અનુસાર દમનની તીવ્રતા પણ અલગ અલગ છે. જેમ કે, સમાજમાં મધ્યમ વર્ગીય બ્લેક સ્ત્રીનું દમન એ મધ્યમ વર્ગીય શ્વેત સ્ત્રીના દમન કરતાં ઘણું વધારે છે. ભારતીય પરિપ્રેક્ષ્યમાં શૂદ્ર સ્ત્રીનું દમન એ બ્રાહ્મણ સ્ત્રીના દમન કરતાં અનેકગણું વધારે છે.

નારીવાદી ચળવળના ઉપર્યુક્ત ત્રણે અભિગમોનો સચોટ ખુલાસો આ ચળવળોથી પૂર્વે થઈ ગયેલા અને તેનથી તદ્દન અજ્ઞાત એવા સ્વામિનારાયણ સંપ્રદાયમાં જોવા મળે છે.

સ્વામિનારાયણ સંપ્રદાયમાં બે આશ્રમો સ્વીકારવામાં આવ્યા છે. ત્યાગાશ્રમ અને ગૃહસ્થાશ્રમ. આ બંનેમાંથી જે જીવનરીતિ સ્વીકારવી હોય તેની પસંદગીમાં સ્વામિનારાયણ સંપ્રદાયમાં સ્ત્રીઓ અને પુરુષોને સમાન હક્ક અને સમાન સ્વતંત્રતા છે.

ત્યાગાશ્રમમાં સ્ત્રીઓ અને પુરુષોની અગલતા છે, તે અંગે મણિલાલ.સી.પારેખ શ્રી સ્વામિનારાયણ ભગવાન અંગેનું વચન નોંધે છે કે **"he had brought with him from his home in the other world a nausea for the sex-side of life"** જે અનુસાર સંતો અને સાધ્વીઓનો ત્યાગાશ્રમ દરમિયાનનો સાધનામાર્ગ વધુ અનુકૂળ બને છે, વિધાયક અને નિષેધક રીતે. નિષેધક રીતે એ દૃષ્ટિએ કે આ પ્રકારની અલગતાને કારણે સૂક્ષ્માતિસૂક્ષ્મ રીતે પણ માર્ગચ્યુત થવાતું નથી. કારણ કે સામાન્ય રીતે તમામ ધાર્મિક પરંપરા તથા વિશેષ રૂપે ભારતીય પરંપરા મુજબ શ્રવણ કે દર્શન દ્વારા પણ માર્ગચ્યુત થઈ શકવાની સંભાવના છે અને એ સંભાવનાના નિવારણ અર્થે અલગતા જરૂરી છે. વિધાયક એ રીતે કે અલગતાને કારણે બુદ્ધિ અને વૃત્તિ બહુશાખાઓ વાળી ન રહેતા, કેવળ ભગવાનકેન્દ્રિ જ રહે અને તે ઊર્ધ્વીકરણ દ્વારા ચેતનાની ઉચ્ચ કક્ષાને જીવ પામી શકે.

અહી આ પ્રકારની સાધનાની પદ્ધતિ માત્ર સંતો માટે જ નહીં, પરંતુ સાધ્વીઓ માટે પણ સૂચવી છે. તેથી જ સ્વામિનારાણ સંપ્રદાયના સાધુઓ સ્ત્રીઓથી દૂર રહે છે અને સાધ્વીજીઓ પણ પુરુષોથી દૂર જ રહે છે.

આ સંદર્ભમાં ભાઈ મણિલાલ સી. પારેખે નોંધ્યું છે કે, **"There has not been perhaps a single religious movement of the size and power of this in the religious history of the world which has gone the length to which this went in the matter. Islam may be cited as one that has been even more radical than this, but therein the principle underlying the separation of the sexes in religious meetings and places is neither ascetic nor spiritual. There it is not so much a separation as a total exclusion of women from organized religious life. In the present movement, the women have a highly organized religious life of their own."**

આ ઉપરાંત, વિશેષરૂપે ખાસ નોંધનીય બાબત સ્વામિનારાયણ સંપ્રદાય વિશે એ છે કે સમાજ વચ્ચે રહીને પણ સાચા ત્યાગીનું જીવન સાધુઓ અને સાધ્વીજીઓ જીવી શકે છે. છતાં આ નિયમ જડ અને માનવતાહીન જરાપણ નથી. કારણ કે શિક્ષાપત્રી શ્લોક ૧૮૨માં શ્રી સ્વામિનારાયણ ભગવાને નૈષ્ઠિક બ્રહ્મચારીના નિયમમાં કહ્યું છે કે, 'કોઈ વખત જીવનું જોખમમાં હોય તો સામે સ્ત્રી હોય તો પણ તેમની સાથે યથાયોગ્ય વ્યવહાર કરવો.' આનાથી સ્પષ્ટ થાય છે કે શ્રી સ્વામિનારાયણ ભગવાન સાધના વિશે ખૂબ જ સખત હોવા છતાં, જડ અને માનવતાહીન નિયમો નથી જ આપતા.

શ્રી સ્વામિનારાયણ ભગવાનના મતે સાંસ્કૃતિક, નૈતિક કે આધ્યાત્મિક (દ્વિતીય-તૃતીય તબક્કો) બાબતોમાં સ્ત્રીઓ અને પુરુષો સમાન છે. તેમણે કહ્યું છે કે ગૃહસ્થોએ પોતાની પત્નીઓને સાધન તરીકે ન માનવી જોઈએ અને સન્માનપૂર્વક વ્યવહાર કરવો જોઈએ. (શિક્ષાપત્રી, ૧૩૬)

ખાસ નોંધનીય બાબત એ છે કે શ્રી સ્વામિનારાયણ ભગવાને સ્ત્રી-પુરુષ સમાનતાની વાતો ત્યારે કરી જ્યારે સતીપ્રથા અને બાળકીને દૂધ પીતી કરવાના કુરિવાજો સમાજમાં સહજ રીતે પ્રવર્તમાન હતા. તેમના પ્રયત્નોને કારણે ગુજરાતમાં તે પ્રથાઓ દૂર થઈ શકી હતી. તેમના મતે બાળકીને દૂધ પીતી કરવામાં આપણે ત્રણ પ્રકારના પાપ કરીએ છીએ : (૧) પોતાના કુટુંબીજનની હિંસા (૨) બાળકની હિંસા અને (૩) સ્ત્રીની હિંસા.

સતીપ્રથાના વિરોધમાં તેમણે જીવન-ત્યાગને બદલે વધુ ગૌરવવાળો માર્ગ વિધવાઓ માટે પ્રયોજ્યો. જે સ્ત્રીઓના પતિ મૃત્યુ પામ્યા છે તે સ્ત્રીઓ કાં તો બીજા લગ્ન કરી શકે અથવા શિક્ષાપત્રી ૧૬૩-૧૭૨ અનુસાર સાધ્વીનું ગૌરવવંતું જીવન જીવી શકે છે. આમ, ધાર્મિક અને

આધ્યાત્મિક રુચિ ધરાવતી વિધવાઓ તથા અન્ય સ્ત્રીઓ માટે ઉન્નતિ તરફ લઈ જતો અને સમાજમાં ગૌરવ પ્રદાન કરતો માર્ગ તેમણે સ્ત્રીઓ માટે ખોલી આપ્યો છે.

આ ઉપરાંત તમામ પ્રકારના વ્યભિચારની વિરુદ્ધનું શ્રી સ્વામિનારાયણ ભગવાનનું તીવ્ર વલણ પણ સ્ત્રી-સન્માનનું જ સ્પષ્ટ દ્યોતક છે.

સાધુ-સાધ્વીની તદ્દન અલગતા દ્વારા પણ શ્રી સ્વામિનારાયણ ભગવાને સ્ત્રીઓનું સન્માન એ રીતે કર્યું છે કે સ્ત્રીઓને અલગ મંદિર અને સત્સંગની વ્યવસ્થા કરી આપી, જ્યાં સ્ત્રીઓ આધ્યાત્મિક બાબતોનું સ્વતંત્ર શિક્ષણ લઈ શકે અને સત્સંગ-ઉપદેશ કરી શકે.

આ ઉપરાંત, સ્વામિનારાયણ સંપ્રદાયમાં સ્ત્રીઓને સંન્યાસની દીક્ષા લેવામાં પણ સ્વતંત્ર દરજ્જો છે. ગાદીવાળા સ્ત્રીઓને દીક્ષા આપી, સંન્યાસિનીનો દરજ્જો આપે છે. આમ, નારીવાદી ચળવળનો બીજો તબક્કો, જ્યાં સ્ત્રીઓ પોતાના આધ્યાત્મિક ગુરુ કે આધ્યાત્મિક સંગઠનની અપેક્ષા રાખે છે (કેથલીન ક્રિશર), તે બાબત, ચળવળ શરૂ થયા પહેલા જ શ્રી સ્વામિનારાયણ ભગવાને પ્રવર્તાવી છે.

નારીવાદી ચળવળના દ્વિતીય તબક્કામાં એક મુદ્દો ધર્મશાસ્ત્રોની ભાષા પરત્વેનો પણ છે. સામાન્ય રીતે, ધાર્મિક શાસ્ત્રોની ભાષામાં વિધિવચનો માત્ર પુરુષોને ઉલ્લેખીને થાય છે. જ્યારે સ્વામિનારાયણ સંપ્રદાયના મુખ્ય બંન્ને શાસ્ત્રો શિક્ષાપત્રી અને વચનામૃતમાં બધાને લાગું પડતા વચનો વખતે, જીવ, મુમુક્ષુ, મનુષ્ય, શિષ્ય, સત્સંગી, ભક્ત વગેરે સંબોધનો દ્વારા ઉલ્લેખ કરેલો છે. વળી એ સૂચનાઓના અંતમાં, આ જે વર્ણવી તે મારા તમામ આશ્રિતો સ્ત્રીઓ કે પુરુષોને લાગું પડે છે, એવું પણ કહ્યું છે.

શિક્ષાપત્રી શ્લોક ૨૧, દેવો, બ્રાહ્મણો, સતી, સાધુ અને વેદોની નિંદા ન કરવી. અહીં, સ્પષ્ટ થાય છે કે સ્ત્રીઓને કેટલો ઊંચો દરજ્જો શ્રી સ્વામિનારાયણ ભગવાને આપ્યો છે.

ઈશ્વર અંગેનો જાતિ-તટસ્થ ખ્યાલ : તત્ત્વમીમાંસકીય

નારીવાદી ચળવળ અનુસાર, માત્ર ભાષા જ નહીં, પણ ઈશ્વર અંગેનો ખ્યાલ પણ પુરુષ પ્રધાનતા સૂચવે છે.

તાત્ત્વિક દૃષ્ટિએ શ્રી સ્વામિનારાયણ પરબ્રહ્મ તરીકે પરમતત્ત્વને વર્ણવે છે અને જીવને અક્ષરબ્રહ્મ કહે છે, જે નથી સ્ત્રી કે નથી પુરુષ. તે જાતિ-નિરપેક્ષ અથવા જાતિ-તટસ્થ ઈશ્વર અંગેનો ખ્યાલ છે. વચ. ગ. પ્ર. ૨૧ અનુસાર માલિક અને વફાદાર નોકર જેવો અક્ષરબ્રહ્મ અને પરબ્રહ્મ વચ્ચેનો સંબંધ છે. અર્થાત્, તેમાં ક્યાંય સ્ત્રી કે પુરુષનો ભેદ નથી, આ સંબંધ કોઈપણ જીવનો હોઈ શકે છે. આમ શ્રી સ્વામિનારાયણ ભગવાન પુરુષ અને સ્ત્રી તેમની જાતી-પ્રકારનો કોઈ ખ્યાલ ધરાવતા નથી. તેમણે કદી એવી પરિભાષા વાપરી નથી જે તટસ્થ ન હોય. આને નારીવાદીઓ **"Inclusive God language"** કહે છે, જે શ્રી સ્વામિનારાયણ ભગવાનની તત્ત્વમીમાંસામાં સ્પષ્ટ દેખાય છે.

ખાસ નોંધનીય બાબત એ છે કે શ્રી સ્વામિનારાયણ ભગવાન આવી ચળવળો કે આવી કોઈ સમાનતાની સભાનતા વગર જ, સહજભાવે જે ઉચ્ચર્યા છે, તે જ તેમનો તમામ માટેનો સમાનતાનો ભાવ પ્રદર્શિત કરે છે. એમણે કાં તો જાતિ-તટસ્થ ભાષા વાપરી છે અથવા સ્ત્રી અને પુરુષ બંન્ને માટે સમાન અલગ અલગ ભાષા વાપરી છે.

શિક્ષાપત્રીના બે શ્લોકોની સમીક્ષા

શિક્ષાપત્રી ૩૪ – પુરુષોને સ્ત્રીઓના મુખેથી કથાવાર્તા ન સાંભળવી, પણ તેનાથી વિપરિત સ્ત્રીઓને નથી કહ્યું.

તેનો ખુલાસો એમ આપી શકાય કે તે વખતે સ્ત્રી-શિક્ષણ શરૂ થયેલું. મહદઅંશે તો સ્ત્રીઓએ જ પરસ્પર શિક્ષણ, સત્સંગ ઈત્યાદિ કરવાનો અન્ય જગ્યાએ આદેશ છે જ. તો તેને તે વખતની પ્રસ્તુતતાના સંદર્ભે અર્થઘટન કરી શકાય.

શિક્ષાપત્રી ૧૫૯ પત્નીએ પતિને ઈશ્વરવત્ સેવવો અને કટુ વચન ન કહેવા. રોગી કે નપુંસક હોય તો પણ.

ભક્તચિંતામણીમાં નિષ્કળાનંદ સ્વામી જ્યારે ભક્તોના નામ લે છે તેમાં સંતો, ભક્તો, સાધ્વીઓ તથા સ્ત્રી-ભક્તો તમામનો જરાપણ ભેદભાવની જરા સરખી પણ સભાનતા વગર વર્ણવે છે. ઉપરાંત, જે કદી જ, કોઈપણ આધ્યાત્મિક શાસ્ત્રોમાં વર્ણવાયું નથી તેવું વર્ણન શ્રી નિષ્કુળાનંદ સ્વામીએ કર્યું છે.

નારી નરકની ખાણ, એ ખૂબ જ બોલાયેલું કથન છે અને તેનો જ સચોટ જવાબ આપીને શ્રી નિષ્કુળાનંદ સ્વામીએ કહ્યું કે નર નરકનો કુંડ. આટલી હદે સ્ત્રીઓ પ્રત્યેની, તેમના દરજ્જાની વાત કરનાર કેવળ સ્વામિનારાયણ સંપ્રદાય જ છે. આમ, આટલું ગૌરવ સ્ત્રીઓને આપનાર સંપ્રદાયમાં કઈ રીતે માની શકાય કે સ્ત્રીઓ ધૂધકારાયેલી છે અને દરજ્જો જ નથી!

અને નારીવાદી ચળવળના ત્રીજો તબક્કો, જેમાં સમાજના તરછોડાયેલા વર્ગમાંની સ્ત્રીઓના દરજ્જાનો પ્રશ્ન છે, ત્યાં શ્રી સ્વામિનારાયણ ભગવાને તે વર્ગમાં જ વધુ સમાજ-સેવા કરી છે, તે એક સમાજ-સુધારક તરીકે ઈતિહાસમાં વિખ્યાત જ છે. તો તે જ વર્ગની સ્ત્રીઓ પ્રત્યે પણ તેમનો તેવો જ સમાન વ્યવહાર અને ઉપદેશ હોય, તે સ્વાભાવિક છે.

આમ, નારીવાદી ચળવળના ત્રણે તબક્કાઓ ખૂબ જ સૂપેરે સ્વામિનારાયણ સંપ્રદાયમાં પ્રવર્તમાન છે.

સંસ્કારદાત્રી ગૃહિણી

- રમિલાબેન એન. પટેલ, વાપી

સંસ્કારદાત્રી એટલે સંસ્કાર દેનારી માતા. તેથી કહેવાયું છે કે,

'The first teacher is mother and second mother is teacher.' એટલે કે પ્રથમ શિક્ષક એ જન્મ આપનારી માતા છે અને તે મુખ્ય શિક્ષણ સાથે સંસ્કારનું સિંચન કરે છે. બીજી માતા એ શિક્ષક છે જે ગૌણ આધુનિક યુગનું શિક્ષણ આપે છે. તેથી જ કહેવાયું છે કે, દસ શિક્ષકો કરતા શ્રેષ્ઠ આચાર્ય, સો આચાર્ય કરતાં શ્રેષ્ઠ પિતા, હજાર પિતા કરતાં શ્રેષ્ઠ છે વંદનીય અને સંસ્કાર દેનારી માતા !

બાળકની બાલ્યાવસ્થા મોટેભાગે માતાના ખોળામાં જ પસાર થાય છે. માતાનાં આચરણ જેવા જ બાળકમાં સંસ્કાર આવે છે. વિશ્વના ઈતિહાસમાં આજ સુધી જેટલા પણ મહાપુરુષો થયા છે, તે બધા માતાની દેણ છે.

માતાનું હૃદય સ્નેહપૂર્ણ હોય છે. સનાતન માતૃત્વ જ તેનું સ્વરૂપ છે. તે માનવતાની સનાતન માતા છે. માતા બાળકમાં વિનમ્રતા, વિવેક, સદાચાર, શૂરવીરપણું, પ્રામાણિકતા, સાહસિકતા, નિષ્ઠા, પ્રેમ, વિશ્વાસ, દયા વગેરે સંસ્કારનું સિંચન કરે છે. તેથી જ આપણા ધર્મને, સમાજને, દેશને ભગવાન રામ-કૃષ્ણ, અર્જુન, સ્વામી વિવેકાનંદ, ગાંધીજી, બુદ્ધ, મહાવીર, મીરાબાંઈ, ગાર્ગી, શિવાજી મહારાજ, દાદાખાચર વગેરે મહાપુરુષો મળ્યા છે.

બાળકનાં જીવનનો મુખ્ય પાયો બાલ્યાવસ્થા છે. એ અવસ્થામાં માતા તેને જેવું શિક્ષણ આપે, બાળક તે ઝડપથી ગ્રહણ કરે છે. તેથી જ બાળકનું જીવન-નિર્માણ માતાના હાથમાં હોય છે.

માતાનું હૃદય સ્નેહપૂર્ણ હોય છે. પરંતુ જ્યારે સ્નેહ પણ વિવેકની સીમાનું ઉલ્લંઘન કરીને આગળ વધે, ત્યારે તે ઘાતક બને છે. સ્વાભાવિક રીતે માતાના લાડ-પ્રેમને કારણે જ છોકરા બગડી જાય છે, જીદ્દી બની જાય છે.

માતાનું હૃદય હમેશા કોમળ, દયાળુ, પ્રેમાળ હોય છે. ક્યારેક તેના દિલના ટુકડા સમાન બાળકને સંસ્કાર આપવા માટે, સાચી ને સારી સમજણ આપવા માટે માને પણ કઠોર અને કડક બનવું પડે છે.

જેમ કે, પથ્થરને ઘડવા માટે ટાંકણું, હથોડો અને હેમરી જોઈએ. છોડને સારી રીતે ઉછેરવા માટે પાણી, ખાતર અને નીંદામણ જોઈએ; તેમ બાળકને ઘડવા માટે સંપૂર્ણપણે પ્રેમ, સમજણ અને સજાનું સંતુલન કરવાની કળાની જરૂર જન્મદાત્રી ગૃહિણીને હોવી જ જોઈએ. આ કળાની કેળવણી આપતા જે ગૃહિણીને આવડી જાય, તે પોતાનાં બાળકને મહામાનવ કે મહામુક્ત બનાવી શકે છે.

બાળકનું મન કોમળ હોય છે. જેમ માતા પોતાનાં ઘરની અંદર અને બહાર જેવું વર્તન કરે છે, તેવા જ સંસ્કાર બાળક પર પડે છે. તેથી માતાએ યોગ્ય વર્તન જ કરવું, જેથી તેનું બાળક પણ સારું વર્તન અને વિચારયુક્ત બને.

ક્યારેક બાળક રિસાય કે તોફાન કરે તો માતાએ પ્રેમ, સમજણ અને યોગ્ય દંડ પણ આપવો અત્યંત જરૂરી છે. વાલી પોતે સંસ્કારી, સદ્‌ગુણી અને સત્સંગી હોવા છતા તેમના સંતાનો કુસંસ્કારી, દુર્ગુણી અને કુસંગી થઈ જાય છે. તેવુ ન બને તે માટે માતાએ ખાસ બાળકની સંગ-સોબત ઉપર નજર રાખવી, કારણકે સંગ સૌથી બળવાન છે.

માતાને પોતાના દીકરા-દીકરી અત્યંત વ્હાલા હોય છે, તો પણ તેના સર્વાંગી વિકાસ માટે અનેક અનુભવો કરાવવા જ જોઈએ. ક્યારેક મુશ્કેલીનો સમય આવે, તો તેને મહેનતથી પાર પાડી શકે તેવા સંસ્કાર અને હિંમત આપવા જ જોઈએ.

સંતાનનાં સુખી જીવન માટે ધન, સંપત્તિ તથા સુખ-સુવિધાની જરૂર નથી, પરંતુ તેના કરતાં સંસ્કાર, સદ્‌ગુણ અને સત્સંગની અનેકગણી જરૂર છે. તે માટે માતાએ પણ આદર્શ બનવું જ જોઈએ.

કેટલીક મા પોતાનાં બાળકને ભૌતિક સુખ-સગવડ આપવા માટે જેટલી મહેનત કરે છે, તેટલી જ મહેનત બાળકને સાચી સમજણ આપવા કરતા નથી. જન્મ આપીને મા બનવું સહેલું છે, પરંતુ બાળકને સંસ્કાર, પ્રેમ, હૂંફ, બળ આપીને સંત કે મહાન પુરુષ બનાવવા તે મહત્વનું કાર્ય સક્ષમ હોય તે જ મા કરી શકે.

પ્રેમ, સમજણ અને સજાનું યથાર્થ સંતુલન છે. જ્યાં આ ત્રણેયનું સંતુલન નથી, ત્યાં સુખ-શાંતિ અને પ્રગતિ નથી. જો આપણે આપણા સંતાનો પાસેથી સર્વાંગી પરિણામ પ્રાપ્ત કરવા ઈચ્છતા હોઈએ તો આજથી જ આ ત્રણ બાબતોને યથાર્થ અપનાવવી જ પડશે. ખાસ કરીને સંસ્કાર દેનારી ગૃહિણીએ. કારણ કે તેને પોતાનાં ઘરની સાથે સંતાનોનો સર્વાંગીણ વિકાસ થાય, તેવી કેળવણી આપવી જોઈએ.

સમાચાર દર્શન

શ્રી જોગીસ્વામી હોલિસ્ટિક હોસ્પિટલ

શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ વિશ્વવિદ્યા પ્રતિષ્ઠાનમ્ (SGVP) અમદાવાદ ખાતે શ્રી જોગીસ્વામી હોલિસ્ટિક હોસ્પિટલના પ્રિલોન્ચિંગ સ્વરૂપે તારીખ ૨૦ થી ૨૨ ઓગષ્ટ દરમિયાન પરમ પૂજ્ય ગુરુવર્ય શાસ્ત્રી શ્રી માધવપ્રિયદાસજી સ્વામીની પ્રેરણાથી વિનામૂલ્યે નિદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. ત્રણ દિવસના આ કેમ્પમાં ૩૦૦ થી વધારે દર્દીઓએ નિદાનનો લાભ લીધો હતો, જેમાં ૧૩૭ દર્દીઓને ઓપરેશન માટે પસંદ કરવામાં આવ્યા છે.

આઇ કેમ્પ : કુલ ૧૬૪ દર્દીઓએ તપાસ કરાવી, જેમાંથી ૭૦ દર્દીઓના ઓપરેશન થશે.

સ્ટોન કેમ્પ (પથરી) : કુલ ૭૦ દર્દીઓએ તપાસ કરાવી, જેમાંથી ૧૦ દર્દીઓના ઓપરેશન થશે.

હરસ-મસા-ભગંદર કેમ્પ : કુલ ૬૭ દર્દીઓએ તપાસ કરાવી, જેમાંથી ૫૭ ઓપરેશન થશે.

જળઝીલણી મહોત્સવ, દ્રોણેશ્વર ગુરુકુલ

શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ વિશ્વવિદ્યા પ્રતિષ્ઠાનમ્ (SGVP)ની શાખા શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ દ્રોણેશ્વર ખાતે તારીખ ૨ સપ્ટેમ્બરના રોજ દ્રોણેશ્વર મહાદેવના સાનિધ્યમાં તથા મચ્છુન્દ્રી નદીના પટમાં ભવ્ય જળઝીલણી મહોત્સવ ઉજવાયો.

પરમ પૂજ્ય સદ્‌ગુરુ પુરાણી શ્રી ભક્તિપ્રકાશદાસજી સ્વામી, પરમ પૂજ્ય સદ્‌ગુરુ પુરાણી શ્રી બાલકૃષ્ણદાસજી સ્વામી તથા સંતોના સાનિધ્યમાં ઉજવાયેલ મહોત્સવના પ્રારંભે ગુરુકુલના પ્રાંગણથી મહોત્સવ સ્થળ સુધી પાલખીયાત્રા નીકળી હતી. મચ્છુંદ્રીના પટમાં રમણીય સભામંડપમાં સદ્‌ગુરુ સંતો, અનેક મહાનુભાવો તથા ગામોગામથી ઉત્સવના દર્શને પધારેલા હજારો ભક્તજનોની ઉપસ્થિતિમાં મચ્છુન્દ્રી નદીના પૂજન સાથે મહોત્સવનો પ્રારંભ થયો.

સદ્‌ગુરુ સંતોના મુખે કથાવાર્તાનું શ્રવણ, ઠાકોરજીનો નૌકાવિહાર, વિવિધ નૃત્યો, ચાર આરતી વગેરે આયોજનો સાથે ઉજવાયેલા મહોત્સવને માણી ઉપસ્થિત ભક્તજનો ધન્યભાગી બન્યા હતા. આ પ્રસંગે ખાસ અમેરિકાથી પૂજ્ય સ્વામીજીએ ટેલીફોનથી ભક્તજનોને જળઝીલણી મહોત્સવનું મહત્વ સમજાવી શુભાશીર્વાદ પાઠવ્યા હતા. તથા રાજકોટ મંદિરના મહંત શ્રી હરિવલ્લભદાસજી સ્વામીએ આગામી ૨૫ થી ૨૯ ઓક્ટોબર દરમિયાન જૂનાગઢ ખાતે ઉજવાનાર સદ્‌ગુરુ ગુણાતીતાનંદ સ્વામી સાર્ધ શતાબ્દિ મહોત્સવમાં પધારવા ભાવભીનું આમંત્રણ પાઠવ્યું હતું. આ ઉપરાંત નૂતન વર્ષના કેલેન્ડરનું વિમોચન કરવામાં આવ્યું હતું. મહોત્સવના અંતે સદ્‌ગુરુ સંતોએ યજમાનોને આશીર્વાદ પાઠવ્યા હતા તથા ગામોગામથી વિશાળ સંખ્યામાં પધારેલા ભક્તજનો પ્રસાદ લઈ છૂટા પડ્યા હતા.

સ્વચ્છતા અભિયાન

ભારત સરકાર દ્વારા ભારતની ધરતીને હરિયાળી, સુંદર અને સ્વચ્છ બનાવવા અનેક પ્રયત્નો થઈ રહ્યા છે. આવા સમયે પરમ પૂજ્ય ગુરુવર્ય શાસ્ત્રી શ્રી માધવપ્રિયદાસજી સ્વામીની પ્રેરણાથી SGVP ગુરુકુલ દ્વારા ગુજરાતના ૧૦૮ ગામડાઓમાં સ્વચ્છતા અભિયાન ચાલી રહ્યું છે. આ સેવાકાર્યને વેગવંતુ બનાવવા તારીખ ૨૧ થી ૩૧ ઓગષ્ટ દરમિયાન સંતોએ અમરેલી, જૂનાગઢ તથા ગીર સોમનાથ જિલ્લાના ૭૦ જેટલા ગામોમાં વિચરણ કર્યું હતું. આ વિચરણ દરમિયાન રોજ સાંજે મંદિરમાં સત્સંગસભા થતી અને સવારે જે તે ગામના સરપંચ, સ્કૂલના આચાર્ય તથા આગેવાનો સાથે મળી ગામલોકો તથા વિદ્યાર્થીઓ દ્વારા ગામ સફાઇ કરવામાં આવતી. સંતોના આ સરાહનીય કાર્યમાં બધા જ ગામોનો અનેરો સહયોગ પ્રાપ્ત થયો હતો અને ગામડાંઓમાં સ્વચ્છતા પ્રત્યે જાગૃતિ આવી હતી. પંદર જેટલા સંતો આ વિચરણમાં જોડાયા હતા.

નૂતન મંદિર ખાતમુહૂર્ત, જામવાળા

ગીર સોમનાથ જિલ્લાના જામવાળા ગામે તારીખ ૩ સપ્ટેમ્બરના રોજ પરમ પૂજ્ય ગુરુવર્ય શાસ્ત્રી શ્રી માધવપ્રિયદાસજી સ્વામીની પ્રેરણાથી નૂતન શ્રી સ્વામિનારાયણ મંદિરનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે પરમ પૂજ્ય સદ્‌ગુરુ પુરાણી શ્રી ભક્તિપ્રકાશદાસજી સ્વામી, પરમ પૂજ્ય સદ્‌ગુરુ પુરાણી શ્રી બાલકૃષ્ણદાસજી સ્વામી, પરમ પૂજ્ય ભંડારી શ્રી હરિકૃષ્ણદાસજી સ્વામી વગેરે સંતોએ ઉપસ્થિત રહી

ખાતવિધિ સંપન્ન કર્યો હતો. અહીં ટૂંક સમયમાં જ વિશાળ હરિમંદિરનું નિર્માણ થશે. આ પ્રસંગે પરશોત્તમભાઈ હીરપરા, સરપંચ શ્રી નરેશભાઈ તથા ગ્રામપંચાયતના સર્વ સભ્યો, ધીરૂભાઈ કોરાટ, લલીતભાઈ વેકરિયા, પ્રિજેશ પરશોત્તમભાઈ હીરપરા વગેરે મંદિર નિર્માણમાં સહયોગ આપનારા ભક્તજનોને સદ્‌ગુરુ સંતોએ આશીર્વાદ પાઠવ્યા હતા.

ગણેશ મહોત્સવ, સવાનાહ ગુરુકુલ

શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ વિશ્વવિદ્યા પ્રતિષ્ઠાનમ્ (SGVP)ની શાખા શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ સવાનાહ-જ્યોર્જિયા ખાતે સનાતન મંદિરના પ્રાંગણમાં પરમ પૂજ્ય ગુરુવર્ય શાસ્ત્રી શ્રી માધવપ્રિયદાસજી સ્વામીની પ્રેરણાથી ગણેશ ઉત્સવનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું.

પૂજ્ય ધર્મપ્રિયદાસજી સ્વામી તથા શાસ્ત્રી શ્રી વેદાંતસ્વરૂપદાસજી સ્વામીની ઉપસ્થિતિમાં યોજાયેલ ગણેશ ઉત્સવ દરમિયાન કથા, કીર્તન, ષોડશોપચાર પૂજન, ૧૦૮ નામાવલિ દ્વારા પૂજન જેવા વિવિધ આયોજનો કરવામાં આવ્યા હતા. આ ઉપરાંત પૂજ્ય વેદાંતસ્વરૂપદાસજી સ્વામી અવારનવાર ગણનાયક ગણપતિનો મહિમા તથા ચરિત્રોનું ભક્તજનોને શ્રવણ કરાવતા રહેતા.

ગણેશ વિસર્જનના દિવસે અમેરિકામાં જન્મેલા દીકરા-દીકરીઓએ 'ગણપતિપાબા મોરિયા...'ના તાલ સાથે નૃત્યો કર્યા હતા. કાર્યક્રમ નિહાળી ભક્તજનો ખૂબ પ્રસન્ન થયા હતા. મહોત્સવના યજમાનશ્રીઓ નિખિલભાઈ ચૌધરી, રમેશભાઈ પટેલ તથા પ્રવિણાબેન પટેલ વગેરે સૌ ભક્તો ગણેશજીની મહાઆરતીમાં જોડાયા હતા. ગણપતિજીનું વિસર્જન ગુરુકુલ પરિસરમાં આવેલ વિશાળ સરોવરમાં ખૂબ જ ધામધૂમથી કરવામાં આવ્યું હતું.

જન્માષ્ટમી મહોત્સવ : લીલાપુરુષોત્તમ ભગવાન શ્રીકૃષ્ણનો પ્રાગટ્યોત્સવ ગુરુકુલના પ્રાંગણમાં ખૂબ જ ધામધૂમથી ઉજવ્યો હતો. આજ રોજ ખાસ મહાપૂજાનું આયોજન કરવામાં આવ્યું હતું. પૂજ્ય વેદાંતસ્વરૂપદાસજી સ્વામી તથા અજય પંડ્યાએ ભગવાન શ્રીકૃષ્ણના સુમધૂર લીલાચરિત્રોનું શ્રવણ કરાવ્યું હતું. આજ રોજ ખૂબ જ મોટી સંખ્યામાં ભક્તજનોએ ઉપસ્થિત રહી પ્રાગટ્યોત્સવના દર્શન કર્યા હતા.

ગુરુકુલ ગૌરવ

ગુરુકુલના ગૌરવવંતા વિદ્યાર્થી અને સુપ્રસિદ્ધ ગાયક શ્રી હસમુખભાઈ પાટડીયાના સુપુત્ર અર્ચિત અમદાવાદ ખાતે યોજાયેલ 'રેડિયો સીટી સુપર સીંગર' સ્પર્ધામાં વિજેતા થયા છે. આ પ્રસંગે પૂજ્ય સદ્‌ગુરુ સંતોએ પિતાની જેમ પુત્ર પણ ગાયન ક્ષેત્રે ખૂબ આગળ વધે એવા શુભાશીર્વાદ પાઠવ્યા હતા. અર્ચિતની આ સફળતા બદલ ગુરુકુલ પરિવાર ગૌરવ અનુભવે છે.

રાજ્યસ્તરીય સ્વીમીંગ સ્પર્ધા :- શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ વિશ્વવિદ્યા પ્રતિષ્ઠાનમ્ (SGVP) ખાતે વિદ્યાર્થીઓનો સર્વાંગીણ વિકાસ થાય તેવા પ્રયત્નો કરવામાં આવે છે. તેના જ ભાગરૂપે વિવિધ રમતોની પ્રોફેશનલ ટ્રેનીંગ પણ આપવામાં આવે છે. ત્યારે તાજેરતરમાં વડોદરા ખાતે યોજાયેલ રાજ્યસ્તરીય સ્વીમીંગ સ્પર્ધામાં SGVPના વિદ્યાર્થીઓએ ઝળહળતી સફળતા પ્રાપ્ત કરી સંસ્થાનું ગૌરવ વધાર્યું છે.

૭ સપ્ટેમ્બરના રોજ યોજાયેલી આ સ્પર્ધામાં ગુજરાતની વિવિધ શાળાઓમાંથી ૫૦ વિદ્યાર્થીઓએ જુનિયર કેટેગરી તથા ૩૦ વિદ્યાર્થીઓએ સીનીયર કેટેગરીમાં ભાગ લીધો હતો. જેમાં SGVPના વિદ્યાર્થીઓએ ૭ ગોલ્ડ, ૫ સિલ્વર અને ૯ બ્રોન્ઝ મેડલ પ્રાપ્ત કર્યો છે. આ ઉપરાંત SGVPના છ વિદ્યાર્થી આગામી સમયે નેશનલ લેવલે યોજાનાર તરણ સ્પર્ધામાં ભાગ લેશે. સફળતા પ્રાપ્ત કરનાર વિદ્યાર્થીઓને સદ્‌ગુરુ સંતો તથા શાળાના પ્રિન્સીપાલે શુભેચ્છાઓ પાઠવી હતી.

સફળતા પ્રાપ્ત કરનારા વિદ્યાર્થીઓ :-

કુશ ગાબાણી-ધોરણ:૧૨, પ્રયાગ જોષી-ધોરણ:૧૨,
પૃથ્વી ચૌધરી-ધોરણ:૯, આદિત્ય સંગ્રામ-ધોરણ:૮,
જૈનિલ બારિયા-ધોરણ:૮, યશ પટેલ- ધોરણ:૮.

શ્રી ચેતનભાઇ મનસુખભાઇ ભુંગાણી Ph.D થયા છે

રાજકોટ નિવાસી ગુરુકુલ પરિવારના સન્નિષ્ઠ સેવક શ્રી ચેતનભાઈ મનસુખભાઈ ભુંગાણી તાજેરતરમાં મિકેનિકલના વિષય સાથે આર.કે. યુનિવર્સીટી-રાજકોટથી ડૉ. ઘનશ્યામભાઈ આચાર્યના માર્ગદર્શન હેઠળ **PH.D** થયા છે. ચેતનભાઈ તથા એમનો પરિવાર વર્ષોથી સંસ્થા સાથે જોડાયેલો છે. તેઓ રાજકોટ સંસ્કાર કેન્દ્ર ખાતે ઘણાં વર્ષોથી બાળસંસ્કાર કેન્દ્ર ચલાવી રહ્યા છે. ચેતનભાઈએ મેળવેલી આ સફળતા બદલ પૂજ્ય સદ્‌ગુરુ સંતોએ એમને શુભાશીર્વાદ પાઠવ્યા હતા અને પોતાના ક્ષેત્રે ખૂબ આગળ વધે એવી શ્રીહરિના ચરણોમાં પ્રાર્થના કરી હતી. ચેતનભાઈની આ સફળતા બદલ ગુરુકુલ પરિવાર ગૌરવ અનુભવે છે.

અમદાવાદ ગુરુકુલના વિદ્યાર્થીઓની સફળતા

શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ અમદાવાદ ખાતે ધોરણ ૯ થી કોલેજ સુધીના વિદ્યાર્થીઓ અભ્યાસ સાથે સંસ્કાર મેળવી રહ્યા છે. નાના નાના ગામડાથી માંડી શહેરના પાંચસો જેટલા વિદ્યાર્થીઓ દરેકે ક્ષેત્રે આગળ વધી શકે તેવા પ્રયત્નો સંતો દ્વારા થતા રહે છે. તાજેતરમાં ગુજરાત સરકાર દ્વારા આયોજિત ખેલમહાકુંભમાં અમદાવાદ જિલ્લા કક્ષાએ ગુરુકુલના વિદ્યાર્થીઓએ વિવિધ રમતોમાં ભાગ લીધો હતો. જેમાં કબડ્ડી, ખો-ખો, રસ્સાખેસ તથા ઊંચી કૂદ, લાંબી કૂદ જેવી એથલેટીકસ્ રમતોમાં ઝળહળતી સફળતા પ્રાપ્ત કરીને ગુરુકુલનું ગોરવ વધાર્યું છે. આ પ્રસંગે સંતોએ સફળતા પ્રાપ્ત કરનારા વિદ્યાર્થીઓને શુભાશીર્વાદ પાઠવ્યા હતા.

ગુરુકુલમાં રસોઇ

અમદાવાદ ગુરુકુલ

અ.નિ. શ્રી રાજેશભાઈ મૂળજીભાઈ પટોળિયા
હસ્તે ડૉ. સંજયભાઈ તથા સુધીરભાઈ, અમદાવાદ
અ.નિ. શ્રી ધનુબા ભાવસિંહજી પરમાર
હસ્તે સુપુત્ર શુગજીતસિંહજી પરમાર, અમદાવાદ
પ. ભ. શ્રી બલભદ્રસિંહજી ચુડાસમા, ગાંધીનગર
અ.નિ. શ્રી કંચનબેન ઘનશ્યામભાઈ પટેલ
હસ્તે સુપુત્ર કિરીટભાઈ, અમદાવાદ
અ.નિ. શ્રી રમણલાલ મહેતા
હસ્તે સુપુત્ર ભૂપેન્દ્રભાઈ મહેતા, મુંબઈ
પ. ભ. શ્રી રાજેશભાઈ સુરેશભાઈ દવે, અમરેલી
પ.ભ. શ્રી ઘનશ્યામભાઈ ચુનીભાઈ કાનાણી, અમરેલી
પ. ભ. શ્રી સંજયભાઈ મૂળજીભાઈ જાવિયા, અમરેલી

છારોડી ગુરુકુલ

પ.ભ. શ્રી નિતીનભાઈ દેવાણી, અમદાવાદ
પ.ભ. શ્રી હિંમતભાઈ ભીખાભાઈ ઘેવરીયા, સુરત
અ.નિ. શ્રી જેઠાભાઈ વેલજીભાઈ હાલાઈ, કેરલા
અ.નિ. શ્રી નીરવ કાંતિભાઈ પટેલ, મોઘાસણ
પ.ભ. શ્રી જતીનભાઈ રાજેન્દ્રભાઈ અમીન, અમદાવાદ
પ.ભ. શ્રી નાગરભાઈ એમ. પટેલ, અમદાવાદ
પ.ભ. શ્રી બલદેવભાઈ એમ. પટેલ, અમદાવાદ
પ.ભ. શ્રી હેમાંગભાઈ કેશવલાલ ગોર, અમદાવાદ
પ.ભ. શ્રી જનક રણછોડભાઈ કોશિયા, અમેરિકા
પ.ભ. શ્રી ચંદ્રકાંતભાઈ ઓધવજીભાઈ સોલંકી, ગાંધીનગર
અ.ની. શ્રી બ્રીજેશભાઈ જેન્તિભાઈ પટેલ, અમદાવાદ
પ.ભ. શ્રી કાંતિભાઈ લાલજીભાઈ પટેલ, અમદાવાદ
પ.ભ. શ્રી અનીલભાઈ સોમાણી, અમદાવાદ
પ.ભ. શ્રી ઓમ રૂપલબેન જાડેજા, અમદાવાદ
પ.ભ. શ્રી પરશોત્તમભાઈ વરમોરા, અમદાવાદ
અ.નિ. શ્રી મંથનકુમાર નિમેશભાઈ સચદે, સીંગાપોર

શ્રદ્ધા સુમન

અ. નિ. પ.ભ. શ્રી વલ્લભભાઇ ભીખાભાઇ કરકરઃ- અમદાવાદ નિવાસી ગુરુકુલના સન્નિષ્ઠ સેવક પ.ભ. શ્રી વલ્લભભાઈ કરકર ૧૯ સપ્ટેમ્બરના રોજ શ્રીહરિનું ભજન કરતા થકા અક્ષરવાસી થયા છે. વલ્લભભાઈએ વર્ષો સુધી ગુરુકુલમાં ખૂબ જ સેવાઓ કરી ભગવાન શ્રીહરિ તથા મોટા સંતોનો રાજીપો પ્રાપ્ત કર્યો હતો. એમના પરિવારજનો પણ ખૂબ જ સારો સત્સંગ રાખી સેવાઓ કરે છે. ભગવાન શ્રીહરિ વલ્લભભાઈના આત્માને પોતાની મૂર્તિનું સુખ આપે તથા કાંતિભાઈ, નટુભાઈ વગેરે પરિવારજનોને ધીરજ અર્પે એવી પ્રાર્થના.

અ.નિ. પ.ભ. શ્રી હરિભાઇ એસ. ગોધાણી :- જૂનાગઢમાં વર્ષોથી શૈક્ષણિક ક્ષેત્રે અજોડ યોગદાન આપનારા સમાજસેવક શ્રી હરિભાઈ ગોધાણી ૧૧ સપ્ટેમ્બરના રોજ અક્ષરવાસી થયા છે. હરિભાઈએ જીવન પર્યંત શિક્ષણ ક્ષેત્રે તથા અન્ય સામાજિક ક્ષેત્રે ખૂબ જ સેવાઓ કરી છે. સરદાર પટેલ શૈક્ષણિક સંકુલ, જુનાગઢ જેનું શ્રેષ્ઠ ઉદાહરણ છે. આવા સમાજ સેવકની વિદાયથી સારાએ સમાજને એક મોભી ગુમાવ્યાનું દુઃખ થાય એ સ્વાભાવિક છે. ભગવાન શ્રીહરિ હરિભાઈના પવિત્ર આત્માને પોતાનું અખંડ સુખ અર્પે તથા તેમના પરિવારજનોને ધીરજ અર્પે તેવી પ્રાર્થના.

અ.નિ. પ.ભ. શ્રી બાલુભાઇ ધરમશીભાઇ સાવલિયા :- ગામ રૂગનાખપુર હાલ સુરત નિવાસી તથા ગુરુકુલના નિષ્ઠાવાન સેવક શ્રી બાલુભાઈ સાવલિયા ૭૫ વર્ષની ઉંમરે ૨૮ ઓગષ્ટના રોજ શ્રીહરિનું ભજન કરતા થકા અક્ષરવાસી થયા છે. સદ્‌ગુરુ સંતોના કૃપાપાત્ર બાલુભાઈ અને એમનો પરિવાર ગુરુકુલમાં તન-મન-ધનથી સમર્પિત છે. ભગવાનમાં અતિ હેતવાળા બાલુભાઈએ સંપ્રદાય તથા સમાજમાં ખૂબ સેવાઓ કરી છે. બાલુભાઈના આત્માને મહારાજ પોતાની મૂર્તિનું સુખ આપે તથા અમિતભાઈ, અજિતભાઈ, કનુભાઈ વગેરે સર્વ પરિવારજનોને ધીરજ અર્પે એવી પ્રાર્થના.

અ.નિ. પ.ભ. શ્રી જાદવજીભાઇ શામજીભાઇ પીંડોરિયા :- ગામ બળદિયા નિવાસી પ.ભ. શ્રી જાદવજીભાઈ પીંડોરિયા ૨૧ ઓગષ્ટના રોજ શ્રીહરિનું ભજન કરતા થકા અક્ષરવાસી થયા છે. ભગવાન શ્રીહરિ તથા સદ્‌ગુરુ સંતોમાં અપાર હેતવાળા જાદવજીભાઈના પવિત્ર આત્માને મહારાજ પોતાની મૂર્તિનું સુખ આપે તથા સુપુત્રો પ્રકાશભાઈ, દેવેન્દ્રભાઈ, સુપુત્રી રાજેશ્વરીબેન વગેરે સર્વ પરિવારજનોને ધીરજ અર્પે એવી પ્રાર્થના.

અ.નિ. પ.ભ. શ્રી પ્રવિણચંદ્ર દુર્લભદાસ નોતરિયા :- ગામ ગીર ગઢડા નિવાસી પ.ભ. શ્રી પ્રવિણચંદ્ર નોતરિયા ૨૬ ઓગષ્ટના રોજ શ્રીહરિનું ભજન કરતા થકા અક્ષરવાસી થયા છે. ગણપતિજીના પરમ ઉપાસક એવા પ્રવિણચંદ્રભાઈના પવિત્ર આત્માને શ્રીહરિ પોતાની મૂર્તિનું સુખ આપે તથા સર્વ પરિવારજનોને ધીરજ અર્પે એવી પ્રાર્થના.

અ.નિ. પ.ભ. શ્રી નાગજીભાઇ વલ્લભભાઇ રાખોલિયા :- અમદાવાદ નિવાસી પ.ભ. શ્રી નાગજીભાઈ રાખોલિયા ૨૮ ઓગષ્ટના રોજ ૮૫ વર્ષની ઉંમરે શ્રીહરિનું ભજન કરતા થકા અક્ષરવાસી થયા છે. સંતો તથા શ્રીહરિના પરમ સેવક એવા નાગજીભાઈના પવિત્ર આત્માને શ્રીહરિ પોતાની મૂર્તિનું સુખ આપે તથા અશોકભાઈ વગેરે સર્વ પરિવારજનોને ધીરજ અર્પે એવી પ્રાર્થના.

અ.નિ. પ.ભ. શ્રી હિરાલાલ જીવરાજભાઇ ભગત :- ત્રિવેન્દ્રમ્ નિવાસી પ.ભ. શ્રી હિરાલાલ (સહજાનંદ સો-મિલ) ૧૪ સપ્ટેમ્બરના રોજ શ્રીહરિનું ભજન કરતા થકા અક્ષરવાસી થયા છે. સત્સંગ તથા સંતોની સેવા કરી હિરાભાઈએ શ્રીહરિનો ખૂબ રાજીપો મેળવ્યો હતો. ભગવાન શ્રીહરિ એમના આત્માને પોતાની મૂર્તિનું સુખ આપે તથા સર્વ પરિવારજનોને ધીરજ અર્પે એવી પ્રાર્થના.

અ.નિ. શ્રી ગોદાવરીબેન મનસુખભાઇ આણદાણી :- ગામ ઈંટવાયા હાલ વિરમગામ નિવાસી અને ગુરુકુલના ભૂતપૂર્વ વિદ્યાર્થી શ્રી અશ્વિનભાઈ આણદાણીના માતુશ્રી ગોદાવરીબેન તારીખ ૧૪ ઓગષ્ટના રોજ અક્ષરવાસી થયા છે. ગોદાવરીબેનની ઇચ્છા મુજબ એમનું દેહદાન કરવામાં આવ્યું છે. ભગવાન શ્રીહરિ ગોદાવરીબેનના આત્માને પોતાની મૂર્તિનું સુખ આપે તથા અશ્વિનભાઈ વગેરે પરિવારજનોને ધીરજ અર્પે તેવી પ્રાર્થના.

અ.નિ. શ્રી લક્ષ્મીબેન સવજીભાઇ વિઠલાપરા :- ગામ જીવાપર હાલ અમદાવાદ નિવાસી અને ગુરુકુલના નિષ્ઠાવાન ભૂતપૂર્વ વિદ્યાર્થી શ્રી શાંતિપ્રસાદના માતુશ્રી લક્ષ્મીબેન તારીખ ૧૧ સપ્ટેમ્બરના રોજ અક્ષરવાસી થયા છે. લક્ષ્મીબેનને જાણે ધામમાં જવાનો અગાઉથી અણસાર આવી ગયો હોય એ રીતે એમણે દેવોને થાળ કરાવ્યા, ઋષિકુમારોને જમાડી શુભ સંકલ્પો પૂર્ણ કર્યા હતા. લક્ષ્મીબેને જીવનપર્યન્ત ખૂબ ભજન કર્યું હતું. અંત અવસ્થાએ સૌને જય સવામિનારાયણ કહી શરીર છોડ્યું. એમના સુપુત્ર શાંતિપ્રસાદ પણ વર્ષોથી ગુરુકુલમાં જ સમર્પિતભાવે સેવા કરી રહ્યા છે. લક્ષ્મીબેનના પવિત્ર આત્માને ભગવાન શ્રીહરિ પોતાની મૂર્તિનું સુખ આપે તથા ભગવાનજીભાઈ, શાંતિપ્રસાદ વગેરે પરિવારજનોને ધીરજ અર્પે તેવી પ્રાર્થના.

આગામી આયોજન

તા. ૧/૧૦/૧૭, રવિવાર : **પાશાંકુશા એકાદશી તથા સુહૃદસભા :** સાંજે ૫:૩૦ કલાકે, છારોડી ગુરુકુલ.
તા. ૫/૧૦/૧૭, ગુરુવાર : : **પાટોત્સવ તથા શરદોત્સવ :** છારોડી ગુરુકુલ.
તા. ૧૫/૧૦/૧૭, રવિવાર : **રમા એકાદશી :** દીવાળી ઉત્સવ પ્રારંભ, રોજ રાત્રે ૮:૩૦ કલાકે કીર્તનભક્તિ, મેમનગર ગુરુકુલ
તા. ૧૯/૧૦/૧૭, ગુરુવાર : **અન્નકુટોત્સવ તથા ચોપડા પૂજન :** સવારે ૭:૦૦ કલાકે
દીપોત્સવ : રાત્રે ૮:૩૦ કલાકે, મેમનગર ગુરુકુલ
તા. ૨૯/૧૦/૧૭, રવિવાર : **શ્રીહરિ જયંતી :** શ્રી નિલકંઠવર્ણી પયોભિષેક તથા રાજોપચાર પૂજન, મેમનગર ગુરુકુલ

વિશ્વની સૌ પ્રથમ યોગ-આયુર્વેદ-એલોપથીના સમન્વયરૂપ...

SGVP અમદાવાદને આંગણે...

SHREE JOGI SWAMI
SGVP
HOLISTIC HOSPITAL

"thee cure we care"

*** ઉત્તમ સુવિધા * શ્રેષ્ટ ડોક્ટર્સ ટીમ * ઉત્તમ ટ્રીટમેન્ટ**
*** ઉત્તમ નેસર્ગિક વાતાવરણ * ૨૦૦ બેડની હોસ્પિટલ**

યોગ

શ્રી જોગીસ્વામી **SGVP HOLISTIC HOSPITAL** માં યોગ થેરાપી દ્વારા તન, મન અને આત્માને શાશ્વતશાંતિ-નવી ઉર્જા અર્પણ કરવાનો અનોખો પ્રયાસ થશે. યોગના નિષ્ણાંત પ્રશિક્ષકો દ્વારા સાંપ્રતકાળાનુસાર યોગનું શિક્ષણ આપવામાં આવશે. જેનાથી રોગ પ્રતિકારક શક્તિ વધશે અને તન-મનના જટીલ રોગોમાંથી મુક્તિ પ્રાપ્ત થશે.

યોગથી થતા લાભ

- યોગથી માઇન્ડ પાવર વધતા આત્મવિશ્વાસ વધે છે. સ્ટ્રેસ, ડીપ્રેશન દૂર થાય છે. યાદશક્તિ વધે છે.
- યોગથી રોગ પ્રતિકાર ક્ષમતા વધે છે, શરીરસૌષ્ઠવ વધે છે અને યૌવન ટકાવી રાખે છે.
- યોગથી ગરદન, કમર, ઢીંચણ વગેરે તમામ પ્રકારના સાંધાના દુ:ખાવા મટાડવામાં સહાયક બને છે.
- નિયમિત યોગ કરવાથી કષ્ટદાયક રોગમાં રાહત મળે છે.
- યોગથી દવાઓ લેવા છતાં કન્ટ્રોલમાં ન રહેતી બ્લડ સુગર નિયંત્રિત કરી શકાય છે.
- યોગથી હાઇ બ્લડ પ્રેસરને દૂર કરી શકાય છે.
- યોગથી વધી ગયેલી ચરબીને ઘટાડી શકાય છે.
- માઇગ્રેશન-માથાનો દુ:ખાઓ યોગથી મટાડી શકાય છે.
- યોગથી અસ્થમાં-દમમાં રાહત મળે છે અને ફેફ્સાની કાર્યક્ષમતા વધારી શકાય છે.
- યોગથી શરીરમાં રહેલા ટોક્સીન-અશુદ્ધિઓ દૂર થાય છે.



આયુર્વેદ સુવિધાઓ

- નાડી પરીક્ષા
- પંચકર્મ -ડિટોક્સિફિકેશન
- શિરોધારા
- પેઇન મેનેજમેન્ટ (દુ:ખાવા)
- વજન ઘટાડો
- સ્ટ્રેસ મેનેજમેન્ટ
- કેશ-સૌંદર્ય ચિકિત્સા
- પુન:યૌવન સ્થાપન

આયુર્વેદ સુપર સ્પેશ્યાલિટી

- કેન્સર વિભાગ
- હૃદયરોગ વિભાગ
- કિડની વિભાગ
- ગર્ભ સંસ્કાર-સુવર્ણ પ્રાશન વિભાગ
- વંધ્યત્વ વિભાગ
- બાળ રોગ વિભાગ
- વેલનેસ વિભાગ
- માનસ રોગ વિભાગ
- ડી એડીક્સન વિભાગ
- આંખ-કાન-નાક-ગળાનો વિભાગ
- મધુપ્રમેહ (ડાયાબિટીશ) વિભાગ
- ક્ષારસુત્ર વિભાગ

એલોપેથી સુવિધાઓ

- કાર્ડિયાક સર્જરી અને કાર્ડિયોલોજી વિભાગ
- ક્રિટીકલ કેર અને ફેફ્સાનાં રોગોનો વિભાગ
- ન્યુરો સર્જરી, ન્યુરોલોજી અને સ્પાઇન વિભાગ
- દાંત વિભાગ
- આંખ વિભાગ અને કાન-નાક-ગળા વિભાગ
- જનરલ સર્જરી અને લેપ્રોસ્કોપી સર્જરી વિભાગ
- જનરલ મેડિસીન અને હેલ્થ ચેકઅપ વિભાગ
- ઓર્થોપેડિક અને જોઇન્ટ રીપ્લેસમેન્ટ વિભાગ
- એન્ડોક્રાઇનોલોજી (ડાયાબીટીસ, થાઇરોઇડ)
- બાળરોગ અને બાળ સર્જરી વિભાગ
- ગાયનેક અને ઇન્ફર્ટીલીટી વિભાગ
- એન્ડોસ્કોપી વિભાગ
- નેફ્રોલોજી અને યુરોલોજી વિભાગ
- કેન્સર મેડિસીન અને કેન્સર સર્જરી વિભાગ
- ચામડીનાં રોગનો વિભાગ
- માનસીક રોગ વિભાગ
- ઇન્ફેક્શીયસ ડિસીસ (ચેપી રોગ) વિભાગ
- એનેસ્થેશીયા વિભાગ
- ફિઝીયોથેરાપી અને રીહેબીલીટેશન વિભાગ
- ગેસ્ટ્રોએન્ટ્રોલોજી અને ગેસ્ટ્રો સર્જરી વિભાગ
- પેથોલોજી અને માઇક્રોબાયોલોજી વિભાગ
- રેડિયોલોજી વિભાગ

+91 95 122 00 122 hospital@sgvp.org www.sgvpholistichospital.org

SGVP Campus, S-G Highway, Chharodi, Ahmedabad - 382481

SGVP GURUKUL USA

SHREE SWAMINARAYAN SANATAN TEMPLE

(Yoga, Education and Cultural Center)

Savannah, GA - USA

Janmastmi Mahotsav

Parthivling puja

Ganesh Utsav



"GURUKUL DARSHAN" R.N.I.No. GUJGUJ/2009/28937. Registered under Postal Reg. No. GAMC-1468/2016-2018
Valid Upto 31-12-2018 issued by SSPO's Ahmedabad City Division, permitted to post at Ahmedabad PSO on 25th of every month.
Licence to post without Prepayment No. CPMG/GJ/112/2016-2018 valid upto 31-12-2018. Date of Publication is 25th of every month.

Printed and Published by Purani Balkrushnadas on behalf of shree Swaminarayan Gurukul memnagar, Ahmedabad. Printed at Surya offset, Bopal, Ahmedabad and published from shree Swaminarayan Gurukul Memnagar, Ahmedabad 380052. Editor : Parshad Shamjibhagat